(૬૦૧) મુસીબતો - તકલીફોનો બદલો અને સવાબ

હઝ.અબુ સઇદ ખુદરી ؓઅને હઝ. અબુહુરૈરહ ؓથી રિવાયત છે કે હુઝુર સલ. ﷺફરમાવે છે કે મુસલમાનને જે કંઇ તકલીફ પરેશાની અથવા મુસીબત - દુ:ખ પહોંચે છે, અહી સુધી કે જો કંઇ કાંટો પણ વાગે છે એનાથી અલ્લાહતઆલા એની ખતાઓને માફ કરે છે અને એના દરજાત બુલંદ કરે છે અને તે જન્નતમાં દાખલો અને રહમત પ્રાપ્ત થવાનો મુસ્તહીક બને છે.(બુખારી શ.૪૩/૨)

હઝ.અબુ હુરૈરહ ؓરિવાયત કરે છે કે રસુલૂલ્લાહ ﷺએ ઇરશાદ ફરમાવ્યો ‘ઇમાનવાળા બંદા અને બંદી પર અલ્લાહતઆલા તરફથી તકલીફ અને હાલાત આવતા રહે છે, કદી એના જાન પર, કદી અવલાદ પર, કદી એના માલ પર (અને એના બદલામાં એના ગુનાહ માફ થતા રહે છે) અહી સુધી કે એના મરવા પછી પણ અલ્લાહતઆલાથી એવી હાલતમા મુલાકાત કરે છે કે એનો એક પણ ગુનો બાકી રહેતો નથી’.

હઝ.અનસ બિન માલિક ؓરિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ.એ ઇરશાદ ફરમાવ્યો ‘અલ્લાહતઆલા જયારે કોઇ બંદાને શારિરીક બીમારીમાં નાંખે છે તો અલ્લાહતઆલા ફરિશ્તાને હુકમ આપે છે કે આ બંદાના બધા નેક આમાલ લખતા રહો જે આ (તદુંરસ્તીના ઝમાનામાં) કરતો રહેતો હતો. પછી જયારે એને શિફા આપે છે તો એને (ગુનાહોથી) પાક સાફ કરી આપે છે અને જો એની રૂહ કબ્ઝ કરી લે છે તો એની મગફિરત કરી દે છે અને રહમ ફરમાવે છે,’ (ઇબ્ને અબી શૈબહ રહ.)

રસુલુલ્લાહ ﷺથી હદીસે કુદસીમાં અલ્લાહતઆલાનો ઇર્શાદ નકલ છે કે જયારે હું મારા મોમીન બંદાને કોઇ બીમારીમાં સપડાવું છું, પછી તે પોતાની ઇયાદત કરવાવાળાઓને કોઇ શિકાયત નથી કરતો તો હું એને મારી કેદથી આઝાદ કરી આપુ છું, એટલેકે એના ગુનાહ માફ કરી દઉ છું, પછી એને એના ગોશ્તથી સારો ગોશ્ત આપુ છું અને એના લોહી થી સારૂં લોહી આપુ છું એટલેકે એને તદુંરસ્તી આપું છું. પછી તે બીજી વખતે (બીમારીથી સારૂ થવા પછી) નવેસરથી અમલ કરવાનું શુરૂ કરે છે (કેમકે એના બધા ગુનાહ માફ થઇ ચુકયા હોય છે) **(અઝ : નિદાએ શાહી,મુરાદાબાદ - જાન્યુઆરી - ૨૦૨૪)**

(૬૦૨) બીમારીઓ અને તકલીફોનો સવાબ / બદલો

નબીએ કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યું કે 'કયામતના દિવસે શહીદને લાવવામાં આવશે અને તેને હિસાબ કિતાબ માટે ઉભો રાખવામાં આવશે-પછી સદકો કરનારને લાવવામાં આવશે અને તેને પણ હિસાબ કિતાબ માટે ઉભો કરવામાં આવશે - તે પછી તે લોકોને લાવવામાં આવશે જેઓ દુનિયામા જુદા જુદા પ્રકારની મુસીબતો અને તકલીફોમાં સપડાયેલા રહયા તેમના માટે ન તો કોઇ હિસાબ-કિતાબ હશે અને ન તો કોઇ અદાલત કાયમ કરવામાં આવશે બલ્કે તેમના ઉપર એટલા ઇન્આમ અને સવાબ વરસાવવામાં આવશે કે જે લોકો દુનિયામાં સલામતી સાથે રહયા (આ શ્રેષ્ઠ ઇન્આમ અને બદલો જોઇને) એવી ઇચ્છા વ્યકત કરશે કે તેમના શરીર (દુનિયામાં) કાતરોથી કાપી નાંખવામાં આવતે (અને તેના ઉપર તેઓ સબર કરતે જેથી આખિરતમાં આ મહાન નેઅમત અને ઇન્આમના હકદાર બનતે) (મજમઉઝ ઝવાઇદ ૮૦૩/૨)

રસુલુલ્લાહ ﷺએ ઇરશાદ ફરમાવ્યો 'જયારે અલ્લાહતઆલા લોકોથી મુહબ્બત કરે છે તો તેમને (મુસીબતોમાં નાંખીને)અજમાવે છે માટે જે સબ્ર કરે છે તેના માટે સબર કરવા (નો સવાબ) લખી લેવામાં આવે છે અને જે બેસબરી કરે છે તો તેના માટે બેસબરી લખી લેવામાં આવે છે (પછી તે રડતો કકરતો રહે છે)

ખુલાસો એ છે કે આ દૂનિયા દીનદાર લોકો અને અલ્લાહવાળાઓ માટે રાહત અને એશઆરામની જગ્યા નથી બલ્કે અહિંયા મુસીબતો આફતો અને તકલીફો જ હોય છે, ખાસ કરી જે અલ્લાહતઆલાનો જેટલો વધારે નજદીક હશે તે એટલોજ પરેશાની અને તકલીફોમાં ઘેરાએલો હશે પરંતુ અલ્લાહતઆલા જયારે આખિરતમાં જયાં હંમેશા માટે રહેવાનું અને જીંદગી છે તેમા જન્નત, રાહત અને એશ આરામ સહીત ઉચાંમા ઉચાં દરજા અર્પણ કરશે જેનો ઉલ્લેખ અલ્લાહ તઆલાએ સુ.બકરહ આયત નં-૧૫૪,૧૫૫ માં વર્ણન કરેલ છે.

કુર્આને પાકની આયતથી જાણવા મળે છે કે તકલીફો અને મુસીબતો પર સબર કરનારાઓ પર રહમતો અને બરકતોની મુશ્લાધાર વરસાદ થાય છે.

(અઝ : નિદાએ શાહી, મુરાદાબાદ - જાન્યુઆરી - ૨૦૨૪)

(૬૦૩) કમઝોર (નિર્બળ) સાથે સારા વર્તાવની તાકીદ

અલ્લાહતઆલાએ દુનિયાને અમલની જગ્યા બનાવી છે એટલે અહિંયા ઇન્સાનને અલ્લાહની મરજી મુજબ જીવવાનુ છે. જેવા કામ દુનિયામાં કરશે તેવોજ બદલો અલ્લાહના તરફથી આખિરતમાં મળશે,સારા અમલોવાળી ઝીદગી પસાર કરશે તો અલ્લાહના તરફથી ઇન્આમનો હકદર બનાવવામાં આવશે અને જો ગુનાહો,નાફરમાની અને ઝુલ્મ-નાઇન્સાફી સાથે ઝીદગી ગુઝારશે તો અલ્લાહતઆલા તરફથી આખિરતમાં શિક્ષા અને પકડનો સામનો કરવો પડશે. એટલા માટે દરેક ઇન્સાનને આખિરતની હમેશા રહેવાવાળી જીંદગીને સામે રાખી દુનિયામાં રહેવું જોઇએ. આ તે હકીકત અને પૈગામ છે જે દરેક મોકા પર અલ્લાહતઆલાએ દરેક ઇન્સાનને આપેલો છે અને નબીએ કરીમ સલ.એ અલગ અલગ હદીસો અને ફરમાન દ્વારા ઇન્સાનોના દિલોમાં આ વાત ઉતારવાની કોશીશ કરી છે, જેથી દરેક આદમી સાવધાનીપુર્વક અને પાક સાફ જીદંગી ગુજારે જેથી આખિરતમાં સુખ-શાંતી અને આફિયત એનું ભાગ્ય બને, અને સઝાઓ અને સખ્તીઓથી સલામતી પ્રાપ્ત થાય.

આ દુનિયામાં આપણાથી કોઇને નુકસાન (તકલીફ) પહોંચશે, કોઇના માલને બરબાદ કરવાવાળા અને કોઇને બેઇઝઝત કરવાવાળા હોઇશું,દુનિયામાં પોતાની તાકાત અને શકિત સત્તા અને હોદ્દાના કારણે ભલે આપણે અન્યાયી કાર્ય કરીએ પરંતુ અલ્લાહના દરબારમાં હાજર થતી વખતે આપણે આ બધા અતિરેક અને અત્યાચારો વિશે જવાબ આપવો પડશે સામાન્ય રીતે એવું જોવા મળે છે કે માનવી પોતાનાથી નિર્બળો ઉપર અતિરેક અને સખ્તાઇનો વહેવાર કરે છે, પોતાના સમકક્ષ લોકો સાથે સામાન્ય વહેવાર કરે છે કે તેમનાથી ભય અને ડર હોય છે હું તેમનો મુકાબલો કરી શકીશ નહી, તેઓ મને જડબાતોડ જવાબ આપશે પરંતુ જે માણસ (વ્યકિત) ને ઇન્સાન એમ સમજે છે કે આ લોકો મારા મુકાબલા માટે નિર્બળ અને અશકિતમાન છે આવા લોકો સાથે જયારે પણ મામલો (વાસ્તો) પડે છે તો તે સમયે ઇન્સાન અતિરેક અને અત્યાચાર ની બધી હદો ઓળંગી જાય છે .

નબીએ કરીમ સલ.એ ખાસ કરી આવા લોકોને સંબોધી તેઓને અલ્લાહનો ડર પોતાના દિલોમાં ઉતારવાની તાલીમ આપી છે કે દુનિયામાં પોતાની તાકતના જોર પર ઝયાદતી કરી લેશો અને બાહય રીતે કોઇ ફાયદો અને લાભ મેળવી લેશો તો અલ્લાહતઆલાના દરબારમાં ઊભા રહી તમારે આ બધા અતિરીક અને અત્યાચારનો જવાબ આપવો પડશે. **(અઝ : નિદાએ શાહી ‘માસિક’ મુરાદાબાદ - જાન્યુઆરી - ૨૦૨૪)**

(૬૦૪) અઉઝુબિલ્લાહ...તિલાવતનો અદબ અને સુન્નત

કુર્આન શ.ની તિલાવત નો અદબ આ છે કે તિલાવત શરૂ કરવા પહેલાં **અઉઝુબિલ્લાહ...**અને **બિસ્મિલ્લાહ...**પઢવામાં આવે છે, તિલાવત માટે આ બંને પઢવું સુન્નત છે અઉઝુબિલ્લાહ... કુર્આન શ.ની આયત તો નથી પરંતુ કુર્આન શ.ની તિલાવત થી પહેલા શૈતાન મરદુદથી અલ્લાહતઆલાની પનાહ માંગવુ છે અને અલ્લાહતઆલાની પનાહ માંગવાનો હુકમ આપયો છે આ હુકમનું પાલન કરવા માટે પઢવામાં આવે છે સુરએ નહલમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે **'જયારે તમો કુર્આન શ. પઢો તો શૈતાન મરદુદથી અલ્લાહની પનાહ માંગતા રહો'** આ હુકમની તાબેદારીમાં તિલાવત પહેલાં અઉઝુબિલ્લાહ... પઢવામાં આવે છે જેનો તર્જુમો (અર્થાત) આ છે કે **'હું શૈતાન મરદુદથી અલ્લાહની પનાહ માંગુ છું.'**

કુર્આને શ.ની તિલાવતની શુરૂઆતમાં અઉઝુબિલ્લાહ... અને બિસ્મિલ્લાહ... પઢવાની તાલીમ એટલા માટે આપી કે જયારે ઇન્સાન કુ.શ.ની તિલાવત કરે અથવા એને સમજવાની કોશીશ કરે તો ફકત અલ્લાહને ખુશ કરવા માટે હોય, સહીહ તરીકા પર હોય અને આદાબ સાથે હોય. મુફસ્સિરીન રહ.એ ફરમાવ્યું કે તિલાવત શુરૂ કરતા પહેલાં અઉઝુબિલ્લાહ... પઢવાનો મકસદ આ પણ છે કે ઝુબાનને પાક કરી લેવામાં આવે, કેમકે ઇન્સાનની ઝુબાન ગીબત,જુઠ, તોહમત વગેરે ગુનાહોથી ખરડાયેલી રહે છે એટલા માટે કુર્આન શ.ની તિલાવત શુરૂ કરતાં પહેલાં ઝુબાનને પાક કરવા માટે **અઉઝુબિલ્લહિ મિનશ્શયતાનિર્રજીમ** પઢવાની તાલીમ આપવામાં આવી છે.

અઉઝુબિલ્લાહ... કુર્આન શ.ની તિલાવત કરતા પહેલા પઢવાને સુન્નત કહેવામાં આવ્યું છે, બીજી કોઇ જગ્યા પર પઢવું સુન્નત નથી.

આ **બે (૨)** જગ્યાએ **અઉઝુબિલ્લાહ...** પઢવાનો હુકમ આપ્યો છે અને એને સુન્નત બતાવ્યું છે **(૧)** તિલાવત શુરૂ કરતી વખતે **(૨)** જયારે શૈતાન દિલમાં કોઇ એવી વાત (વસવસો) નાખેં જે ગુનાહિત (ખોટા) કામ તરફ ઇન્સાનને પ્રેરનાર હોય. એ સિવાય અન્ય જગ્યાઓમાં પઢવું સુન્નત હોવું સાબિત નથી.

(અઝઃ અલબલાગ,'ઉર્દૂ' માસિક - કરાંચી - ડિસેમ્બર,૨૦૨૩)

(૬૦૫) તિલાવત અને દરેક કાર્ય શરૂ કરતાં પહેલા બિસ્મિલ્લાહ... પઢવું

બિસ્મિલ્લાહ... કુર્આન શ.ની આયત છે અને એને દરેક સુરતના શુરૂ માં પાછલી સુરતથી અલગ કરવા માટે ઉતારવામાં આવી છે. આ એવી આયત છે કે જે સુરએ તૌબા સિવાય કુર્આને કરીમની દરેક સુરતના શુરૂમાં લખેલી હોય છે શુરૂમાં **બિસ્મિલ્લાહ...**પઢવા પછી પણ આ મસ્નૂન છે કે જયારે માણસ તિલાવત કરી રહયો હોય અને એક સૂરત પૂરી કરે તો બીજી સૂરત શુરૂ કરવા પહેલાં **બિસ્મિલ્લાહ...**પઢે.

અલ્લાહતઆલાના નામથી શુરૂ કરવાનો રિવાજ પહેલેથી જ હતો અને કુર્આન કરીમના નાઝિલ થવા પહેલાં પોતે નબીએ કરીમ ﷺ પણ જયારે કોઇ કામ શુરૂ કરતા અથવા કોઇ વાત કહેવાનું શુરૂ કરતા અથવા લખાવતા તો '**બિસ્મિક લ્લાહુમ્મ**' કહીને લખાવતા જયારે આ આયતે કરીમા ઉતરી તો એના પછી આપ સલ.એ **બિસ્મિલ્લાહ...** દરેક કામને શુરૂ કરવાનો હુકમ આપ્યો.

નબીએ કરીમ ﷺ એ એક હદીસમાં ઇરશાદ ફરમાવ્યો છે કે : 'જે કામ અલ્લાહના નામથી શુરૂ ન કરવામાં આવે તે અધુરૂં છે' કેમકે નબીએ કરીમ સલ.એ દરેક કામને બિસ્મિલ્લાહથી શુરૂ કરવાની તાકીદ ફરમાવી છે.

બિસ્મિલ્લાહ આ એક એવો કલીમો છે જે આપણને દરેક કામથી પહેલાં પઢવાનો હુકમ આપેલ છે. સવારના બિસ્તર પરથી ઉઠતી વખતે,ગુસલખાનામાં જતી વખતે - નીકળતી વખતે, ખાતા પહેલાં, પાણી પીવા પહેલાં, બજારમાં જવા પહેલાં મસ્જિદમાં દાખલ થવા પહેલાં,નીકળતી વખતે, કપડાં પહેરતી વખતે,ચાલતી વખતે, સવારી પર સવાર થતી વખતે,ઉતરતી વખતે,ઘરમાં દાખલ થતી વખતે (રાંધતી વખતે) મતલબ કે દરેક કામના શુરૂમાં **બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ** નો કલીમો પઢવાનું કહેવામાં આવેલ છે.

ઝિંદગીમાં જે કામ પણ ઇન્સાન કરી રહયો છે તે અલ્લાહ તઆલાની તોફીક વગર શકય નથી, જોવા માં તો એમ લાગે છે કે જે કામ હું કરી રહયો છું તે મારી કોશીશ અને મેહનતનો નતીજો છે, પરંતુ જો માણસ હકીકી દૃષ્ટિથી જુએ તો એને પોતાની કોશીશ અને મેહનતનો અમલ દખલ ઘણો ઓછો નઝર આવશે અને એના પાછળ સંપૂર્ણપણે અલ્લાહતઆલાનો એક નિઝામ જોવા મળશે.

(અઝઃ અલબલાગ,'ઉર્દૂ' માસિક - કરાંચી - જાન્યુઆરી,૨૦૨૪)

(૬૦૬) માહે શઅબાન :

ઇસ્લામી મહીનાઓમાં આ આઠમો મહીનો છે, આ મહીનો પણ ઘણી બરકત અને ફઝીલતવાળો છે. હુઝુર (ﷺ) એ ફરમાવ્યું "શઅબાન મારો મહીનો છે, અને રમઝાન અલ્લાહનો મહીનો છે." (દયલમી)

જે મહીનાની નિસ્બત નબીએ કરીમ (ﷺ) એ પોતાના તરફ બતાવી છે તે કેટલી મોટી વાત છે, એક હદીસમાં છે કે આપ સલ. આ મહીનાનો ચાંદ જોઇ આ દુઆ પઢતા હતા "અલ્લાહુમ્મ બારિક લના ફી રજબ વ શઅબાન વબલ્લિગના રમઝાન" એ અલ્લાહ! રજબ અને શઅબાનના મહીનામાં હમારા માટે બરકત અતા ફરમાવ અને હમોને ખૈરિયતના સાથે રમઝાન સુધી પહોંચાડી દે. (એટલે કે રમઝાનના ઇસ્તિકબાલ અને એહતેરામની તૌફિક અતા ફરમાવ.)

હઝરત અનસ (﵁) ફરમાવે છે કે આ મહીનાનું નામ શઅબાન એટલા માટે રાખવામાં આવેલુ છે કે રોઝહદારની નેકીઓમાં ડાળીઓની જેમ વધારો થાય છે, અને નેકીઓ વધતી જાય છે

હઝરત આયશા રદી. ફરમાવે છે કે મે નબીએ કરીમ (ﷺ) ને શઅબાનના મહીનાથી વધારે રોઝહ રાખતા અન્ય મહીનામાં નથી જોયા.

આ મહીનાના રોઝહની મિસાલ ફર્ઝ નમાઝથી પહેલા સુન્નતો જેવી છે. આ સુન્નતોથી ફાયદો એ થાય છે કે ઇન્સાનનુ દીલ ફર્ઝ નમાઝમાં વધુ લાગે (કેન્દ્રિત થાય) છે એવીજ રીતે શઅબાનમાં રોઝા રાખવાથી નફસને રમઝાનના રોઝહ રાખવાથી મુનાસબત, ઉન્સ અને તઅલ્લુક પૈદા થાય છે.

(અઝ: મુફતી ઇસ્માઇલ વાડીવાલા રહ.)

(606) The month of Shaban

This is the eighth month of Islamic year, this month also has so many virtuous and blessings. The Prophet Muhammad ﷺ said that "Shaba'an is my month and Ramadan is the month of Allah" ***(Daylami)***

What a great thing the Prophet Muhammad ﷺ has shown himself in relation to the month. Seeing the moon of this month, he was reciting this Dua. ***"Allahumma Barik lana fi Rajjab wa shaban wa balligana Ramadan"*** O Allah, give us prosperity Rajab and give us prosperity in the month of Rajab and Shab'an and deliver us to Ramadan. (Means give us toufiq (insight) that we welcome and respect Ramadan)

Hazrat Anas ﵁ said that this month is named Shaba'an because the virtues of the fasting person (those who keep fast) increases like branches.

Hazrat Aayesha R.A. said that I didn't see the Prophet Muhammad ﷺ keep more fast in shaba'an than in any other month.

The example of fasting in this is like Sunnah prayer before Farz The benefit of this sunnah is that Man's heart is more centralized in obligatory prayers, like that by keeping the Fast of Shaba'an you will be prepare for Ramadan Fast.

(From : Mufti Ismail wadiwala sa.ra.)

(૬૦૭) માહે શઅબાનના રોઝહની ફઝીલત

એકવાર હઝ.ઉસામા (ﷺ) એ પુછયું યા રસુલુલ્લાહ(ﷺ)! હું આપને શઅબાનમાં વધારે રોઝહ રાખતા જોઉં છું (એનુ શું કારણ) તો આપ ﷺ એ જવાબ આપ્યો કે આ મહીનો એવો છે જે રજબ અને રમઝાનના વચમાં છે. લોકો એની ફઝીલતથી અજાણ છે,

આ મહીનામાં અલ્લાહતઆલાના સામે બંદાઓના અમલો પેશ (રજુ) કરવામાં આવે છે મારી ખ્વાહિશ આ છે કે જયારે મારા અમલો રજુ થાય તો મારી ગણત્રી રોઝહદારોમાં થાય. (નસાઇ) આનાથી શઅબાન મહીનાના રોઝહની ફઝીલતનો અંદાઝો થાય છે.

આ મહીનાની ૧૫મી રાતની જે ફઝીલત છે તે પૂરા મહીનાની નથી. જેને **શબેબરાઅત** (છુટકારાની રાત) કહેવામાં આવે છે. ઉપરાંત આ રાતને લયલતુલ બરાઅહ.. (દોઝખથી છુટકારાની રાત) પણ કહેવામાં આવે છે.

હદીસોમાં એવા બદકિસ્મત લોકોનો પણ ઝિક્ર છે જેમની આ બરકતવંત રાતમાં પણ બખ્શિશ નથી થતી, એ લોકો આ પ્રમાણે છે. મુશરિક,જાદૂગર,કાહિન(ગેબની વાતો બતાવનાર) જલ્લાદ,જબરદસ્તી ટેક્ષ વસુલ કરનાર,જુગાર રમનાર, વાજુ (મ્યુઝીક) વગાડનાર અને એમાં ભાગ લેનાર,શરાબનોઆદી,માં-બાપને સતાવનાર, ઘુંટીઓના નીચે કપડાં પહેરનાર, ઝિનાકાર ઓરત અને ઝિનાકાર મર્દ, લોકોથી કીનો અને બુગ્ઝ રાખવાવાળો, વગર કારણે તઅલ્લુક તોડવાવાળા.

(607) The virtue of the fast of Shaba'an month

Once Hazrat Usama ﷺ asked to the Prophet Muhammad ﷺ that I saw you that you keep more fast (rozah) in Shaba'an (What is the reason) then the Prophet Muhammad ﷺ answered that this month is come in between Rajab and Ramadan and people are not aware of its virtues.

In this month, the deeds of servants are keep in front of the Allah and my wish is that when my deeds are kept in front Allah Ta'ala then I count among them as who has keep more Fast ***(Nasaai)*** From this we come to know that what is the virtue of Shaba'an month.

The example of this month's fast is like Sunnah prayer before compulsory Fast. The benefit of this Sunnah is that Man's heart is become more centralized. Like that by keeping the Fast of Shaba'an you will prepare for Ramadan Fast.

The Virtues of the 15th night of this month is so special and important rather than whole month. This night is called ***Shab-e-baarat*** (the night of redemption) or Laytul baarah. (The night of deliverance from Hell.)

It is stated in Hadith about those unfortunate persons who are not forgiven on this night also. Those unfortunate persons are as follows, Infidel, Sorcerers, executioners, extortionist, gamblers, Musicians and participants, alcoholics, those who harassed parents, who obsessed to wear clothes under the ankles, adulterous woman and man, people who break the relationship without any reason.

(૬૦૮) શઅબાનની ૧૫મી રાતની ફઝીલત

કુર્આનશરીફમાં અલ્લાહતઆલાએ આ રાતને લયલતુલ મુબારક ફરમાવ્યું છે. કુર્આનશરીફમાં ઇર્શાદ છે આ રાતમાં દરેક હિકમત વાળા કામો અમારા તરફથી નક્કી કરવામાં આવે છે, **(સુ.દુખાન)**

આ રાતમાં પૂરા વર્ષનો રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. રોઝી, બીમારી, તંદુરસ્તી, તંગી-વિશાળતા, રાહત-તકલીફ મૌત અને પૈદા થવાવાળાનો વખત લખી આપવામાં આવે છે.

એક રિવાયતમાં છે કે શઅબાનની ૧૫મી રાતના મલિકુલ મૌત (મૌતના ફરિશ્તા)ને એક લિસ્ટ આપવામાં આવે છે અને હુકમ આપવામાં આવે છે કે પૂરા વરસમાં મરનારાઓના નામ નોંધ કરી લો, કોઇ માણસ ખેતી કરે છે, કોઇ નિકાહ કરે છે, કોઇ બિલ્ડીગ બનાવવામાં મશ્ગુલ છે - પરંતુ એને ખબર નથી કે એનુ નામ મુરદાઓની લિસ્ટમાં લખાયેલું હોય છે.

એક હદીસમાં છે કે અલ્લાહતઆલા ચાર રાતોમાં બંદાઓ પર રહમત અને ખૈરના દરવાજા ખોલી આપે છે. અને આ રહમતનો મામલો સવારની અઝાન સુધી રહે છે. તે રાતો આ છે.

(૧) ઇદુદૂહાની રાત (૨) ઇદુલફિત્રની રાત (3) શઅબાનની પંદરમી રાત. (૪) અરફહની રાત

આ રાતનું નામ શબેબરાઅત (છુટકારાની રાત) એટલાજ માટે રાખવામાં આવ્યું છે કે તેમાં અલ્લાહતઆલા ગુનેહગારોને જહન્નમના અઝાબથી મુક્ત કરી આપે છે. **(બયહકી)**

(શબે બરાઅતની ફઝીલત, અઝ : મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(608) The Virtue of the night of 15th Shaba'an

In Qur'an shareef, Allah Ta'ala called this night a *Lailtul Mubarak*. It is stated in the Qur'an that in the night of 15th sha'aban, every wise matter is allocated through a command from us (Allah). ***(Surah Dukhan)***

A full year report is prepared in this night. Livelihood, sickness, health, scarcity, enormity, relief, distress, death and the time of birth are going to write.

According to one accustom, a list is given to *malikul mout* (the angel of death) on the 15th night of Shaba'an and it is ordered to record the names of those who have died throughout the year. One man farming the field where other doing nikah and somebody busy in making building. – but he does not know that his name is written in the list of the dead.

It has been stated in one of the Hadith that Allah opens the doors of mercy and goodness on the servants for four nights and this matter of mercy lasts till the morning *Adhan*. These are the nights. **(1) The night of Eid –ul-Adha. (2) The night of Eid-ul-Fitr (Ramadan Eid). (3) The 15th night of Shaba'an. (4) The night of Arfaah.**

This night is also called "Shabbe Baraat" (the night of redemption) because Allah Ta'ala redempt the criminals from hell. ***(Bayhaki)***

(Shabe Baaratni Fazilat, by : Mufti Ismail Wadiwala sah.. Rah.)

(૬૦૯) શઅબાનની ૧૫મી રાત કેવીરીતે ગુઝારવી :

(૧) આ રાતમાં ઇબાદત અને ઝિક્ર તિલાવત કરવા માટે ગુસલ કરી લેવું મુસ્તહબ છે, **(૨)** ઇશા અને ફજરની નમાઝ જમાઅત સાથે અદા કરવી. **(3)** જેટલી સહુલત અને આસાનીથી થઇ શકે આ રાત નવાફિલ અને ઝિક્ર તિલાવતમાં ગુઝારે, **(૪)** કોઇ માણસ ગલત વસ્તુઓથી બચીને કબ્રસ્તાન જવા ચાહે તો જઇ શકે છે. **(૫)** સિહત-આફિયત, રહમત-બખ્શિશ, અને દરેક જાઇઝ મકસદ માટે ખુબ દુઆ કરે. **(૬)** શઅબાનની ૧૫મી તારીખનો રોઝો રાખવો. **(૭)** જે ગુનાહોની નહુસત આ મુબારક રાતોની બરકતથી મહરૂમ કરી આપે એનાથી બચે અને સાચા દિલથી તૌબા કરે અને બીજા ગુનાહોથી પણ તૌબા કરે. **(અઝ: શબે મગફિરત પેજ/૧૬ – મુફતી અ.રઉફ સખ્ખરવી સા.)**

(૮) આ રાતમાં કબ્રસ્તાનમાં જઇ મર્હુમો માટે દુઆ કરે, અને એમને પઢીને બક્ષી આપે, પરંતુ જમાઅત (ટોળું) બનીને ન જવું જોઇએ, મતલબ કે કોઇ પ્રકારના આયોજન વગર પોત પોતાની રીતે જવુ જોઇએ, સુન્નત આજ પ્રમાણે છે. અસલ મકસદ મુરદાઓના માટે ઇસાલે સવાબ છે. **(૯)** આ રાતમાં જાગીને ઇબાદત કરવું અફઝલ છે, ચાહે એકાંતમાં હોય કે જાહેરમાં. પરંતુ સામુહિક ઇબાદતનો પ્રબંધ કરવો જોઇએ નહી. **(૧૦)** નફલ નમાઝોમાં લાબા લાબા સજદા કરવા અને દુઆઓ કરવી.(સલાતુત્તસબીહ અદા કરવી)

(અઝ : બારહ મહીનેકે ફઝાઇલ, દા.ઉ.કંથારીઆ)

(609) How we worship on 15th of Sha'ban

(1) It is Sunnah to perform gusl for the worship and ziker of this night.

(2) Perform Isha and Fajar prayer with congregation (Jamat).

(3) As much as easily possible spent this night in Supererogatory prayers and Dhikra.

(4) can go to graveyard by saving ourselves from forbidden things.

(5) Pray a lot for health, well being and for every legitimate (jaiz) purpose.

(6) To Keep Fast on 15th of Sha'aban.

(7) One should avoid the sins which deprived him from the blessings of these blessed nights and repent with sincere heart and repent for others sins as well. **(from: Shabemagfirat Page no. 16, Mufti A.Rauf Sakkharwi Sahab)**

(8) Keep on praying when you visit the graveyard but you should not go with team, it is also Sunnah. Means you should not do a plan for going to a Graveyard. You should do one by one. And the motive is Isaal-e-Sawaab.

(9) It is better to awake and worship. You worship secretly or publicly. But you should not arrange anything for mass worship.

(10) Perform long long prostrate in the Supererogatory Prayers. To pray a Salatul tasbeeh. **(From: Baarah mahino ke Fazail, Darul Uloom, Kantharia)**

(૬૧૦) શઅબાનની ૧૫મી રાતના અમલ:

હઝ. અલી (ﷺ) ફરમાવે છે કે નબીએ કરીમ (ﷺ) એ ઇરશાદ ફરમાવ્યું કે જયારે શઅબાનની ૧૫મી રાત હોય તો એ રાતના ઇબાદત કરો! દિવસના રોઝો રાખો. એ રાતના અલ્લાહતઆલા મગરિબથી આસમાને દુનિયા પર પોતાની રહમતો સાથે ઉતરે છે અને ઇરશાદ ફરમાવે છે કે "કોઇ બખ્શિશનો તલબગાર છે જેને હુ બક્ષી આપુ, છે કોઇ રોઝીનો તલબગાર કે એને રોઝી આપુ, છે કોઇ મુસીબતઝદા કે એને આફિયત આપુ." આ એલાન સુબ્હેસાદિક સુધી રહે છે. (ઇબ્ને માજહ)હઝ.અબૂબકર સિદ્દીક (ﷺ) ફરમાવે છે કે નબીએ કરીમ (ﷺ) એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા શઅબાનની ૧૫મી રાતના આસમાને દુનિયા પર નુઝૂલ ફરમાવે છે, અને જે ગુનેહગાર પોતાના ગુનાહોની માફી માંગે છે તો એની મગફિરત ફરમાવે છે પરંતુ મુશ્રિકની મગફિરત નથી કરતા, કીનો રાખનાર,અદાવત અને દુશ્મની રાખનારની પણ મગફિરત નથી ફરમાવતા. (બયહકી)

આ રાતમાં નફિલ નમાઝના સિજદામાં આપ સલ.થી નીચેની દુઆ પઢવા માટે બયાન કરવામાં આવ્યું છે.

اَعُوْذُ بِعَفْوِکَ مِنْ عِقَابِکَ
وَاَعُوْذُ بِرِضَاکَ مِنْ سَخَطِکَ
وَاَعُوْذُ بِکَ مِنْکَ جَلَّ وَجْهُکَ
اَللّٰهُمَّ لَآ اُحْصِیْ ثَنَآءً عَلَیْکَ
اَنْتَ کَمَآ اَثْنَیْتَ عَلٰی نَفْسِکَ ط

અઉઝુ બે અફવિક મિન ઇકાબીક
વ અઉઝુ બેરિઝાક મિન સખતિક
વ અઉઝુબેક મિન્ક જલ્લ વજહુક
અલ્લાહુમ્મ લા ઉહસી સનાઅન અલય્ક
અન્ત કમા અસ્નય્ત અલા નફસિક.

આપ ﷺ એ હઝરત આયશા રદી.ને ફરમાવ્યું કે આ દુઆ તમે પોતે પણ શીખી લો અને બીજાઓને પણ શિખવાડો કારણકે હઝ.જીબ્રઇલ عليه السلام એ મને આ દુઆ શીખવી છે, અને સિજદહમાં વારંવાર મને પઢવાનો હુકમ આપ્યો છે. (બયહકી)

(શબે બરાઅતની ફઝીલત, અઝઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા રહ.)

(610) Execution on the night of 15th Shaba'an..

It is narrated from Hazrat Ali ﷺ that the Prophet Muhammad ﷺ said that do worship on the night of 15th Shaba'an. Keep Fast on that Day. In this night Allah Ta'ala showers mercy on the people and say that "there is anyone who ask for something whom I bless, there is anyone who asked for livelihood whom I give livelihood. There is anyone who is in trouble and I will lift out from it." *(Ibne. Majah)*

It is narrated from Hazrat Abubakar Siddiq ﷺ that the Prophet Muhammad ﷺ said that Allah Ta'ala come on the sky of world on the 15th of Shaba'an and those who repent for their crime then he will be forgiven. But those who are not forgiven are infidel, resent (those who keep kina), get indulge into quarrel, and those who keep animosity. (Bayhaki)

It has been told by the Prophet Muhammad ﷺ that you should recite this dua in the state of prostrate in supererogatory prayer.

اَعُوْذُ بِعَفْوِکَ مِنْ عِقَابِکَ
وَاَعُوْذُ بِرِضَاکَ مِنْ سَخَطِکَ
وَاَعُوْذُ بِکَ مِنْکَ جَلَّ وَجْهُکَ
اَللّٰهُمَّ لَآ اُحْصِیْ ثَنَآءً عَلَیْکَ
اَنْتَ کَمَآ اَثْنَیْتَ عَلٰی نَفْسِکَ ط

Aauzu bi afwik min ekobik
Wa aauzu bi rizaak min sakhtik
Wa aauzu bik mink jall wajhuk
Allahumma la uhasi sana an alaik
Ant kama asnait ala nafsik

It is narrated from Hazrat Aayesha R.A. that the Prophet Muhammad ﷺ told that learn this dua and teached others also. Gibriel عليه السلام taught this dua to me and told me that you have to recite this dua again and again in Prostrate. (Bayhaki) **(Shabe Baaratni Fazilat, by: Mufti Ismail Wadiwala Rah.)**

(૬૨૫) કૃત્રિમ માંસ (Laboratory Grown Meat)

ઇસ્લામ એક એવો દીન (ધર્મ) છે જેમા ઝિંદગીનો કોઇ હેતુ અલ્લાહ તઆલાના હુકમો અને નબી સલ.ની તઅલીમાત (સુન્નતો)થી ખાલી નથી કેમકે આ દીન કયામત સુંધી બાકી રહેવાવાળો છ; એના હુકમો અને કાયદા અને કાનુન એવા છે કે દરેક સમય (સંજોગો)માં આ દીન પર અમલ કરવું આસાન છે. મુસલમાન હોવાના સંબંધે આપણે હલાલ રોઝી કમાવવાના પાબંદ છીએ, ખાસ કરીને વર્તમાન તરકકીના ઝમાનામાં કોઇ પણ હરામ અને નાજાઇઝ માર્ગ થી પાક અને હલાલ રોઝી મેળવવું મુસલમાનો માટે કસોટી સમાન છે, કેમકે ઘણી વસ્તુઓ ખાવા પીવાની અને એના જેવી ઘણી વસ્તુઓ હલાલ હરામના વચ્ચે ફર્ક કરવાને ઘણુ અઘરૂ બનાવી દીધુ છે. ગોશ્તની પણ એક એવીજ બનાવટ છે જે ફુડ અને મેડીકલ સાઇન્સની ઉપજ (પ્રયત્નો)છે. નવીન ટેકનોલોજીના ઇસ્તેમાલથી અસ્તિત્વમાં આવી છે, કેમકે વર્તમાન સમયમાં એનાથી કૃત્રિમ માંસ તૈયાર કરવામા આવી રહયું છે. હાલના વર્તમાન યુગમાં ફુડ સાયન્સ અને હલાલ ખાદ્ય વસ્તુઓ ક્ષેત્રે આ બાબત શરઇ દ્રષ્ટિએ ધ્યાનાકષર્ક કેન્દ્ર બની રહયું છે.

કૃત્રિમ માંસના હલાલ કે હરામ હોવા વિશે તહકીક કરવામાં આવી છે પરંતુ આ કૃત્રિમ માંસ ના હલાલ કે હરામ હોવાનો આધાર એમા સમાવિષ્ઠ ઘણી બધી વસ્તુઓ છે જેમકે સ્ટીમ સેલ્સ (Stem cells) જે કૃત્રિમ માંસનો મૂળ આધાર છે, ઉપરાંત અન્ય ભાગો વગેરે.

ટૂંકમા આ બાબતે એટલું જાણવું જરૂરી છે કે અગર એમાં લેવામાં આવેલ ભાગો હલાલ હોય અને હલાલ માર્ગે પ્રાપ્ત કરવામાં આવ્યા હોય તો કૃત્રિમ ગોશ્ત પણ હલાલ ગણાય છે, એ શરતે કે હરામ હોવાનું કોઇ કારણ જેમકે આરોગ્ય માટે નુકશાન કારક હોવુ વિગેરે ન હોય.

આ બાબતે એક લાંબી ચર્ચા,વિશ્લેષણ અને તહકીક કરવામાં આવી છે જેનો સમગ્ર ટૂંકમાં ખુલાસો એ છે કે હલાલ જાનવર શરઇ રીતે ઝબહ કરવામાં આવેલ હોય તથા કૃત્રિમ ગોશ્તના અંશો (parts) તેના હલાલ ભાગોમાંથી લેવામાં આવે અને કોઇ પણ તબકકે એમાં હરામનુ મિશ્રણ ન હોય, તો જ હલાલ ગણાશે. જો તેમા હરામ અંશો મેળવવામાં આવેલ હોય તો એવુ ગોશ્ત હરામ છે અલ્બત્ત તેની બનાવટના અંશોમાં શરઇ રીતે હલાલ સંક્રમણ (transition) સાબિત થાય એ જરૂરી છે.

(અલ-બલાગ 'ઉર્દુ' માસિક કરાચી, ૨૦૨૩)

(૬૧૧) રમઝાનનો ઇન્તિઝાર

બુઝુર્ગોને ત્યાં (હઝ.મૌલાના ઝકરીયા સા.રહ) માહે મુબારક રમઝાનુલ મુબારકનો એવો ઇન્તિઝાર અને તૈયારી, તેની કદર, તેના હકો અદા કરવાનો એહતેમામ અને તત્પરતા,ખાસ ઇબાદતો, ઝિક્ર તિલાવત અને ઇબાદતમાં એટલી વ્યસ્તતા (ધૂન) રહેતી કે એનો અંદાઝ જોઇને જ આવી શકે...આનો સંબંધ જોવાથી થઇ શકે ન કે કહેવાથી.

બુઝુર્ગોની તાબેદારી અને તરીકા પ્રમાણે હઝ.શેખ ઝકરીયા રહ.નો રમઝાનુલ મુબારકમાં મઅમૂલ (નિત્યક્રમ) ઇબાદત માટે ખાસ હતો. બધી જ અન્ય ઇલ્મી અને ગેરઇલ્મી પ્રવૃત્તિઓ એકદમ અટકાવી દેવામા આવતી. સંપૂર્ણ રીતે અલ્લાહતઆલા તરફ કેન્દ્રિત થઇ જવાનો રહયો છે.કેટલાક ચુનંદા મુરીદો(આરંભમાં માત્ર દસ બાર) ત્યા આવતા અને ઇબાદતમાં શામેલ રહેતા,રમઝાનના મુબારક દિવસોમાં તેમની હિંમત અડગતા,કુરબાની-ત્યાગભાવ,દુનયાથી બેપરવાઇ અને માનવ સેવાનો મોટો સબક જોવા મળે છે. કાશ આપણને પણ આવા ઉચ્ચ ગુણોમાંથી કઇંક હિસ્સો નસીબ થાય... !(જુઓ અકાબિરકા રમઝાન)

માહે મુબારકનુ આગમન: રમઝાનુલ મુબારક ઇસ્લામી વર્ષનો સૌથી બરકતવંત અને પવિત્ર માસ છે. આ માસ ઈસ્લામના એક સૌથી અગત્યના અને ઈઝઝતવંત રૂકન (pillar)ના અદા કરવાનો માધ્યમ તથા મુસલમાનો માટે અલ્લાહપાકને રાજી કરવા અને અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરવાનો ખાસ મોકો હોય છે. આ માસને કુર્આનપાકના નાઝિલ થવાના આરંભ તથા હઝાર માસથી વધુ બહેતર એવી લયલતુલ કદ્ર જેવી અમુલ્ય નેઅમત પ્રાપ્ત છે.

રમઝાનુલ મુબારકની સાચી કદર, તેનો હક અદા કરવાની ફિકર તેમજ આ કિંમતી દોલતને લૂંટવાના અને તેનાથી વધુમાં વધુ ફાયદો ઉઠાવવાની તરગીબ (પ્રોત્સાહન) અને યાદ અપાવવા (remind) માટે દરેક સમયમાં ઉમ્મતના વડીલો અને જે તે સમય ના બુઝર્ગોનો મઅમૂલ રહયો છે. જેના માટે કિતાબો અન લેખો લખ્યા છે જેની એક લાંબી શ્રેણી છે.

(અઝ કિતાબ: હઝ.મૌ.ઝકરિયા સા.(રહ.) કે મઅમૂલાતે રમઝાન.)

(611) Waiting for Ramadan

To the elders (Hazrat Moulana Zakriya Sahab Ra.) the waiting and preparation of the month of Ramadan , his appreciation, his willingness and readiness and grant his rights, special worships, zikr, tilawat and so much engagement in worship that it can not be seen only you looking at..not by saying that.

According to the obedience nd manner of the elders, the special (routine) of Hazrat Shaikh Zakriya in Ramdan-ul Mubarak was special or worship. All other ilmi and non-ilmi activites were strictly prohibited. It is going to be completely focused on Allah. A select few disciples (initially only ten or twelve) came there and joined in the worship. But during the blessed days of Ramadan, there is a great lesson in their courage. Self sacrifice, in difference to the world and human service. I wish us also get such high got a share of the virtues.(Akabirka Ramzan)

The arrival of the month of Ramadan: Ramadan Mubarak is the most blessed and holy month of the Islamic year. This month is a medium to perform very respectful and important pillar and a special opportunity for Muslims to be reconciled to Allah and to attain nearness to Allah. This month marks the beginning of the revelation of the Qur'an and invaluable blessings like Lailtul Qadr, which is better than a thousand months.

The true appreciation of Ramadan Mubarak is the thought of giving him his due as well as the encouragement and reminding to plunder and maximum the benefits of this precious wealth has always been the norm among the elders of the ummah and the elders of that time. For which he has written a long series of books and articles. (From book : Hazrat Mo.Zakriya Sahab Rah.'s Ma'mulate Ramzaan)

(૬૧૨) રમઝાન તકવો પ્રાપ્ત કરવાનો માસ

તકવો એટલે પોતાના પાલનહારનાં હુકમોને પુરા કરવુ અને મના કરેલ વસ્તુઓથી અટકી જવું. અલ્લાહતઆલાની સામે આખિરતના હિસાબકિતાબ થી ડરવુ કુર્આન શરીફમાં સુ.બકરહ આ.૨૮૩ માં રાઝાનો મૂળભૂત હેતુ એજ રજુ કરવામાં આવેલ છે.

તકવા ના ફાયદા

(૧) જેને કામયાબી અને હેતુની પરિપુર્ણતાની ઇચ્છા હોય તે તકવો ઇખ્તિયાર કરે (સુ.બકરહ-૨૮૩) (૨) જે વ્યકિત એમ ઇચ્છતા હોય કે તેના માટે ઝમીન અને આકાશના કામયાબીના દરવાજા ખુલી જાય તે તકવો ગ્રહણ કરે (સુ.અઅરાફ-૯૬) (૩) જે રોઝીની શોધમાં હોય તે તકવો ધારણ કરે. (સુ.તલાક-૪) (૪) જે વ્યકિત ગુનાહો ની માફી અને અલહતઆલાનો ફઝલ (કૃપા) ઇચ્છતો હોય તેના માટે જરૂરી છે કે તે તકવો ઇખ્તિયાર કરે. (સુ.અન્ફાલ-૪૯) (૫) જે અલ્લાહતઆલાનો વલી બનીને દરેક પ્રકારના ગમ અને ડર થી મુકત રેહવા માંગે તે તકવો ગ્રહણ કરે. (સુ.યુનુસ ૬૩-૬૪) તકવાના આ ફાયદાઓ પ્રાપ્ત કરવા માટે રમઝાન મુબારકનાં રોઝા શ્રેષ્ઠ માર્ગ છે. કારણ કે કુરઆન શરીફ માં અલ્લાહનુ ફરમાન છે હે ઇમાનવાળાઓ ! તમારા ઉપર રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા છે જેવી રીતે કે તમારાથી પેહલા (આગલી ઉમ્મત) ના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, એ આશા એ કે તમે (રોઝહ ના પ્રતાપે) નઠારા કામોથી (સદા) દુર રેહનાર થઇ જાઓ. (સુ.બકરહ.૧૮૩) **અઝ કલમઃ મો. ઇલ્યાસ સા.ગઢા, ઉસ્તાદે હદીષ-મદ્રસહ દઅવતુલ ઇમાન માણેકપુર ટકોલી.**

(612) Ramadan: The month of getting Taqwa (Piety)

Piety means fulfilling the orders of one's Lord and refraining from forbidden things. The basic purpose of Roza (fasting) is presented in Sur. Baqarah A.283 in the Qur'an Sharif to fear the reckoning of the Hereafter against Allah.

Advantages of Taqwa (Piety)

(1) Who desires for success and fulfillment of purpose should choose piety (Su.Baqarah 283). **(2)** A person who wants the doors of success on earth and sky to be opened for him should adopt piety. (Su. A'raf-96). **(3)** Whoever is looking for sustenance should adopt piety (Su. Talaq-4). **(4)** It is necessary for a person who wants forgiveness of sins and the fazal (grace) of Allah have to adopt piety. (Su. Anfal-49). **(5)** He/she, who wants to be the guardian of Allah and be free from all kinds of grief and fear should adopt piety.(Su.Yunus 63-64).

Fasting during Ramadan Mubarak is the best way to achieve these benefits of piety. Because in the Qur'an Sharif there is a decree of Allah, 'O you who believe, the fasts have Been enjoined upon you as they were enjoined upon those before you, so that you may be God-fearing'.(Surah Baqarah-183: Translated by Mufti Taqi Usmani Sahab) (by: Mo. Ilyas sa. Gadha,Ustade Hadith Madresa dawatul haq Manekpur-takoli)

(૬૧૩) રોઝહ

ઇસ્લામનો ચોથો રૂકન રોઝહ છે, રમઝાન મહીનાના રોઝહ દરેક આકીલ-બાલીગ તંદુરસ્ત ઉપર ફરજ છે, વગર ઉઝરે છોડનાર ગુનેહાર અને ફાસિક ગણાય છે. કુરઆને મજીદમાં છે "અય ઇમાનવાળાઓ તમારા ઉપર રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા છે જેવી રીતે કે તમારાથી પહેલાં (આગલી ઉમ્મત)ના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા એ આશાએ કે તમે (રોઝહના પ્રતાપે) નઠારાં કામોથી (સદા) દૂર રહેનાર થઇ જાઓ." (સુ. બકરહ)

રોઝહ માત્ર આ ઉમ્મત ઉપર જ ફર્ઝ કરવામાં નથી આવ્યા, બલ્કે હઝરત આદમ عليه السلام થી લઇ આપ ﷺ સુધી દરેક ઉમ્મતના લોકો પર ફર્ઝ રહયા છે પરંતુ તેની સંખ્યા અને દિવસોમાં ફેરફાર હતો, હદીસ શરીફમાં આપ ﷺ એ ફરમાવ્યું કે જે કોઇ અલ્લાહના માટે એક દિવસનો રોઝો રાખે છે તો ખુદાતઆલા તેના સામેથી ૭૦ વર્ષના રસ્તા બરાબર દોઝખની આગ દુર કરી આપે છે, (મુસ્લિમ) એક હદીસમાં છે કે રોઝા રાખતા રહો, તંદુરસ્ત રહેશો.

સુબ્હે સાદિકથી લઇ સૂરજ ડૂબવા સુધી ખાવા-પીવા અને સોહબત છોડી દેવાને રોઝહ કહેવામાં આવે છે,ઓરતોએ હૈઝ અને નિફાસથી પાક હોવુ રોઝહ સહીહ થવા માટે જરૂરી છે.(હિદાયહ)

(અઝ કિતાબ અરકાને ઇસ્લામઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(613) Fasting

It is fourth pillar of Islam, and it is obligatory to keep fast of Ramadan on every adult and healthy people, those who left the fasting without any reason considering criminal. It has been written in Qur'an Majeed that "O believer, it is obligatory to keep fast in Ramadan. And also it has made obligatory on previous people. And there is thinking that because of fasting we can get rid of bad things and deeds."(Surah Baqarah)

The fasting is not only compulsory on this Ummah but also from Hazrat Adam عليه السلام till the Prophet Muhammad ﷺ but there is different in days. The Prophet Muhammad ﷺ stated in Hadith Sharif that whoever kept fast only for the sake of Allah then Allah Ta'ala kept away the fire of hell from him as long as 70 years. (Muslim). In one of the Hadith, it is stated that keep fast and stay healthy.

Fasting means you have to away from eating and drinking and from, It is necessary for women to culinary from monthly period. (Hidayah) (From book Arkane Islam : Mufti Ismail wadiwala Sahab Rah.)

(૬૧૪) રોઝહ ની નિય્યત

રમઝાનના ફર્ઝ રોઝહની નિય્યત સુબ્હે સાદિકથી લઇ નિસ્ફેનહાર (શરઇ અડધો દિવસ) થવા પહેલાં (સૂર્ય નમતા એક કલાક અગાઉ) નિય્યત કરી લેવું જરૂરી છે, રમઝાનના કઝા રોઝા અને નઝરે ગેર મુઐયન રોઝાની નિય્યત સુબ્હે સાદિકથી કરવું જરૂરી છે, સુબ્હે સાદિક પછી નિય્યત કરવાથી તે રોઝો સહીહ ગણાશે નહી. (હિદાયહ, ફતહુલ કદીર)

રોઝહ રાખવાની નિય્યતથી સેહરી ખાવી એ પણ નિય્યતના કાઇમ મુકામ છે, માટે જુબાનથી રોઝહની નિય્યત ન કરી હોય તો પણ રોઝો થઇ જશે, (જવહરએ નય્યિરહ, દુર્રે મુખ્તાર)

: જે કામોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે:

(૧) જાણી જોઇ મોં ભરી ઊલ્ટી કરવી (૨) વુઝુમાં કુલ્લી કરતી વખતે વગર ઇરાદે ગળાથી નીચે પાણી ચાલ્યું જવું (૩) બીડી, સિગરેટ પીવી તેમજ અગરબત્તી કે લોબાનનો ધુમાડો લેવો (૪) દાંતમાં રહેલી કોઇપણ ચીજ ચણા જેટલી કે એથી મોટી હોય, ખાઇ જવી, અગર મોમાંથી બહાર કાઢી ખાઇ જશે તો ચણાથી નાની હશે તો પણ રોઝો તૂટી જશે, (૫) હુકનો (એનેમાં) લેવું (૬) રાત સમજીને સુબ્હે સાદિક પછી સેહરી ખાવી (૭) સુરજ ડૂબી ગયો સમજી રોઝો ઇફતાર કરી નાંખવું અને હજી સુરજ ગુરુબ થયો ન હતો. (૮) ભુલથી ખાઇ-પી લેવું અને એમ સમજીને કે રોઝો તૂટી ગયો છે જાણી જોઇ ખાઇ લેવું (૯) ઔરતને હાથ લગાડવાથી મની નિકળી જવું (૧૦) રમઝાન સિવાય બીજા દિવસોમાં જાણી જોઇ રોજો તોડી નાખવો. મજકુર દરેક બાબતોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે.

(અઝ કિતાબ અરકાને ઇસ્લામઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(614) Intension (Niyyet) Of Fasting :

It is necessary to keep on intension for Fasting from dawn till 12 noon(One hour before sun down). The intension for Qadhah and the Fasting which has some purpose should be starts from dawn. The intension made after the dawn will not accept Fasting truly.(Hidayah, Fathul Qadir)

Eating sehri with determination to keep the Fast is also a permanent intension, so even if the Fast is not fixed by testimony the Fast will be done. (Jawahar-e-Nayyirah,Durr-e-Mukhtar)

The things that breaks the Fasting and only Qadhah applies:

(1) Intentionally full of mouth vomiting. (2) Unintentionally water goes down from the throat while performs ablution. (3) Smoking beedi, cigarette as well as taking fragrance from incense stick or frankincense. (4) Anything in the teeth is as big as chickpea, if it is eaten or taking these things from mouth and again eats, even if it is smaller than chickpeas, Fasting is broken. (5) To take enema. (6) If anyone assumes that it is night and eat after the dawn. (7) Eat the iftaari by assuming it is sunset and the sun had not yet set. (8) Eating and drinking by mistake and assume that Fasting is broken eat intentionally. (9) Semen out because of touching by woman. (10) Breaking fasting intentionally on the days other than Ramadan. Above stated reasons for breaking the Fasting and only Qadhah would be applied.

(From Book Arkanne Islam by Mufti Ismail Wadiwala)

(૬૧૫) રમઝાનુલ મુબારકના અઝકાર

(૧) રમઝાનુલ મુબારકમાં આ મુબારક કલેમાત જેમ બને તેમ વધારે પઢતા રહેવું જોઇએ જે હદીસથી સાબિત છે.

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ،اَسْتَغْفِرُ اللّٰهَ،اَسْاَلُکَ الْجَنَّةَ
وَاَعُوْذُبِکَ مِنَ النَّارِ . (بیہقی،صحیح ابن خزیمہ)

“લા ઇલાહ ઇલ્લલ્લાહ. અસ્તગ્ફિરૂલ્લાહ, અસ્અલુકલ જન્નહ - વ અઉઝુબિક મિનન્નાર.” (બયહકી, સહીહ ઇબ્ને ખુઝૈમહ)

(૨) અમુક બુઝુર્ગોથી પહેલા અશરામાં.

رَبِّ اغْفِرْ وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ

(૩) બીજા અશરામાં

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ مِنْ كُلِّ ذَنْبٍ وَّاَتُوْبُ اِلَيْهِ

(૪) રમઝાનુલ મુબારકના અંતિમ દાયકાની તાક (એકી) રાતોમાં આ દુઆ પઢતા રહેવાની ખાસ તરગીબ આપવામાં આવી છે.

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّيْ

“અલ્લાહુમ્મ ઇન્ન-ક અફુવ્વુન તુહિબ્બુલ અફ્વ ફઅફુ અન્ની” (અય અલ્લાહ! બેશક તુ મુઆફ કરવાવાળો છે, માફ કરવાને પસંદ કરે, જેથી તુ મને માફ કરી આપ) (તિરમિઝી, ઇબ્ને માજહ)

(દારૂલ ઇફ્તાઃ જામિઅહ ઇસ્લામીયહ બિન્નોંરી ટાઉન, કરાંચી)

(૬૧૬) રોઝાહ અને આધુનિક વિજ્ઞાન

મુસલમાન માત્ર અલ્લાહનો હુકમ સમજીને તેની પ્રસન્નતા ખાતર રોઝા રાખે છે. સાથે જ રોઝાથી શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. હઝરત ઇબ્ને ઉમર રદી. નબી સલ.નું ફરમાન વર્ણવે છે. “**સુયુતસિહ્હૂ” રોઝા રાખો, તંદુરસ્ત રહેશો.** (તબરાની ૧૭૪/૮ બયહકી ૧૬૫/૭) રોઝા દ્વારા વ્યક્તિના શરીર અને મન પર પડતી સકારાત્મક અસરો વિશેના સંશોધનોથી પ્રભાવિત થઇને આજે પશ્ચિમી દેશોમાં ઘણા લોકો સ્વાસ્થ્યના લાભો માટે રોઝા રાખે છે. અમેરિકા સહિત આજે પશ્ચિમી દેશોમાં ઘણાં લોકો સ્વાસ્થ્યના લાભો મેળવવા માટે રોઝા રાખે છે. અમેરિકા સ્થિત Dr.Mark P.Mattson એ તેમના સહયોગીઓ સાથે વર્ષોના સંશોધન બાદ રોઝા વિશે એક વિસ્તૃત સંશોધન લેખ રજૂ કર્યો હતો. તેમણે એવું સંશોધન કર્યું કે રોઝા માણસની વયમર્યાદા તથા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ઉપરાંત તેનાથી મગજનું સ્વાસ્થ્ય સુધરે છે. રોઝા અલઝાઇમર તથા પાર્કિન્સન (મગજનો રોગ) ના હુમલાથી બચાવે છે.

સંશોધનોથી એ વાત સાબિત થઇ છે કે એક માસના રોઝાના લીધે શરીરના વજન અને ચરબીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. જે લાંબા ગાળે થતા હૃદયરોગ અને બ્લડપ્રેશર જેવા ઘાતક રોગોને નિવારવામાં અસરકારક નિવડે છે. જો કે આ લાભ પ્રાપ્ત કરવા માટે રમઝાનમાં રાત્રે પણ ઓછો ખોરાક લેવા પર ભાર મૂકયો છે, જે ઇસ્લામી તાલીમ મુજબ આવકાર્ય છે. રમઝાનમાં રાત્રે પણ પ્રમાણસર ખોરાક લેવાથી બુઝુર્ગોના મતાનુસાર અનેક રુહાની ફાયદા થાય છે.

અલ-અરબીયા ન્યુઝમાં પ્રકાશિત રાશા અદીબના લેખ “Top 4 incredible benefits of fasting in Ramadan” મુજબ આશ્ચર્યજનક નિશાની છે, તે આખા શરીરમાં શર્કરાનું પ્રમાણ જાળવે છે. રોઝા વડે આ શર્કરાનું પ્રમાણ જાળવવામાં મદદ મળે છે. આધુનિક સંશોધન મુજબ ડાયાબિટીસના જોખમમાં ખૂબ નોંધપાત્ર ઘટાડો થાય છે. ૧૯૯૪માં કાસાબલાન્કામાં “રમઝાન અને તંદુરસ્તી” વિષય પર મળેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય સભામાં આ વિષય પર સૌથી વધુ સંશોધન લેખો રજુ થયા હતાં.

(616) Fasting and Modern science

A Muslim Fasts only for the Sake of Allah's order and his pleasure. At the same time, Fasting brings physical and mental health. Hazrat Ibne Umar (R.A.) describes the edict of the Prophet Muhammad S.A.W in **"Suyutsihhu"** that **"keep fasting, stay healthy."** (Tabrani 174/8, Bayhaki 165/7).

Influenced by the researched done on Fasting's positive effects on one's body and mind. Many people in western countries now Days observe Fasting for their health benefits. Many People in Western countries, including the United States, now a days observe Fasting for health benefits.

US based Dr. Mark P. Mattson **(current chief of the laboratory of Neuroscience at the National institute on aging. He is also a professor of Neuroscience at the Johns Hopkins University**) presented an extensive research article about Fasting. After the research with his colleagues, he researched that Fasting increases the age limit and enhances the immune system. It also improves brain health. Fasting protects us against the diseases like Alzheimer and Parkinson.

Research has shown that the fasting for the one month significantly reduces body weight and fat, which is effective in preventing chronic diseases and blood pressure. However in order to achieve this benefit the emphasis is on eating less even at the nights of Ramadan which is appreciated in Islamic training. According to the elders, eating the balanced diet even in the nights of the Ramadan has many spiritual benefits.

According to Rasha adeb's article "Top 4 Incredible benefits of Fasting in Ramadan" published in "Al-Arabia News", it is a surprising sign that Fasting maintains the amount of sugar in the whole body. Fasting helps in maintain the sugar level of the body. A very significant reduction in the risk of Diabetes, according to Modern research. In 1994, the first international conference on "Ramadan and Health" in Kasabalanka, presented the most research articles on this topic.

A team of cardiologists in the UAE found that people observing Ramadan enjoy a positive effect on their Lipid profile, which means there is a reducing of cholesterol in the blood. Low cholesterol increases cardiovascular health, greatly reducing the risk of suffering from heart disease, a heart attack or a stroke.

(૬૧૭) રોઝહ અને સ્થૂળતા (fatness)

જાડાપણું અનેક રોગોને નોતરે છે. વૈજ્ઞાનિક સંશોધનોથી સાબિત થયું છે કે રોઝા વજન ઘટાડવામાં ખૂબ સહાયક નીવડે છે. રમઝાન માસમાં રોઝાના લીધે કેલેરીનો સંચય ઘટે છે. તે જાડાપણાને દૂર કરવામાં મદદ કરે છે. ડો.મેટસનના મત મુજબ રોઝા દ્વારા વજનના ઘટાડાની સાથે જ તેનાથી મગજની કાર્યશક્તિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે.

રોઝા ટોક્સિન ઘટાડે છે

વિવિધ પ્રકારના પોસેસ્ડ ખોરાકના લીધે શરીરમાં ટોક્સિન નામનું ઝેરી તત્વ પેદા થાય છે. આ ટોક્સિન ચરબીમાં ભળતું રહે છે. સતત એક માસના રોઝહ દરમિયાન શરીરની ચરબી પીગળવાથી શરીરમાં ટોક્સિનની માત્રામાં ખૂબ ઘટાડો જોવા મળે છે. ડો.એસ. સેલીજર અને ડો. હેન્સે તેમના સંશોધન લેખ "Is fasting healthy" માં આ અંગે ખૂબ રસપ્રદ તારણ રજૂ કર્યા છે.

આ મહિનામાં વિશ્વના તમામ મુસ્લિમો એક સાથે રોઝા રાખે છે. તેનાથી ગરીબો અને દુ:ખીજનો પ્રત્યે હમદર્દી, માનવ સમાનતા, ધીરજ, માનવપ્રેમ, સહાનુભૂતિ જેવા ગુણો ખીલી ઉઠે છે.

(617) Fasting and Obesity

Obesity leads to many diseases. Scientific research has shown that Fasting is very helpful in weight loss. In the month of Ramadan, the accumulation of calories decreases due to Fasting. It helps in eliminating Obesity. According to Dr. Mathson, weight loss due to Fasting has been linked to increased brain function and it is significant.

Fasting reduces toxins

A variety of processed foods produced toxins in the body. These toxins are mixed in to fat. Melting body fat during continuous month of Fasting leads to significant reduction in the amount of toxins in the body. Dr. S. Selijar & Dr. Hense presented very interesting findings in their research article, "Is Fasting healthy".

This month all the Muslims of the world keep Fasting. It has nurtured the qualities like empathy for the poor and miserable, Human equality patience, philanthropy, empathy.

(૬૧૮) રોઝએ રમઝાનની વાસ્તવિકતા

ઇસ્લામ પાકી અને સ્વચ્છતાનો નમૂનો રજૂ કરે છે. તે દિલોમાંથી ગંદા તથા ભ્રષ્ટ વિચારો તેમજ ગુનાહિત માનસને નામશેષ કરી નાંખે છે.

રોઝહ ફર્ઝ કરવાનો અસલ હેતુ અંતરની બૂરી ઇચ્છાઓને કાબૂમાં રાખવાનો છે.કુર્આને હકીમમાં છે કે“તમારા પર રોઝહ એટલા માટે ફર્ઝ કરવામાં આવ્યા છે કે જેથી તમે ‘મુત્તકી’ બની જાઓ.” જે માણસ રોઝો રાખી ખાવુ-પીવું છોડી આપે પરંતુ ગુનાહો ન છોડે તેના પ્રત્યે અલ્લાહપાક પોતાની નારાઝગી આ રીતે વ્યકત કરે છે કે હદીષમાં છે ‘મલ લમ યદઅ કવ્લઝ્ઝુરે વલ અમલ બિહી ફલયસ લિલ્લાહે હાજતુન ફી અંય્યદઅ તઆમહુ વ શરાબહુ **અર્થાત** જેણે રોઝો રાખી જુઠ અને ગુનાહના કાર્યો ન છોડયા તો માત્ર તેના ખાવા-પીવા છોડવાની અલ્લાહને કોઇ જરૂર નથી.’(મિશ્કાત પેજ ૧૭૬)

જામેઅ સગીરમાં લખ્યું છે કે પાંચ વસ્તુઓ એવી છે કે જેનાથી રોઝો તૂટી જાય છે. એટલે કે રોઝહ નો સવાબ ખતમ થઇ જાય છે.અને રોઝહ રાખવું ન રાખવું સવાબની દૃષ્ટિએ બરાબર થઇ જાય છે. એ પાંચ વસ્તુઓ નીચે મુજબ છે. (૧) ગીબત (૨) ચાલી-ચૂગલી (૩) જુઠું બોલવું (૪) લંપટ નઝર (૫) જુઠી કસમ ખાવું.

કેટલુ મૂર્ખતાભર્યુ કાર્ય છે કે રમઝાન સિવાય ખાવુ-પીવું જાઇઝ છે જેને રોઝહમાં છોડી આપે છે પરંતુ જે કામો પ્રત્યેક સમય અને ક્ષણે હરામ છે તેને રમઝાનમાં ચાલુ રાખે,આથી મોટો નાદાન કોણ હશે ? રોઝહ હકીકતમાં એહતેમામ સાથે ગુનાહોથી બચવાનું નામ છે ન કે ખાવુ-પીવું છોડી ગુનાહિત પ્રવૃત્તિમાં રહેવાનુ નામ છે. શરઇ હરામ ઠેરવેલ ચીજોથી બચવુ અને કાઇપણ રીતે તે થવા ન પામે તેની કાળજી રાખવી એનું જ નામ તકવો છે.એજ રોઝહની રૂહ છે અને રોઝહ ફર્ઝ કરવાનો અસલ મકસદ છે-માટે રમઝાનમાં કાળજીપૂર્વક,એહતેમામ સાથે પોતાને ગુનાહોથી બચાવે,ફુઝુલ અને વ્યર્થ વાતોમાં ટાઇમ બરબાદ કરવામાં ન આવે.ગીબત લડાઇ-ઝઘડાથી દૂર રહે કેરમ,પત્તા (ક્રિકેટ-મોબાઇલ) વગેરે કાર્યોમાં સમય ન વેડફે રમઝાનનો કિમતી સમય તિલાવત,ઝિક્રમાં પસાર કરવામાં આવે,નહીં તો ચૂપ રહે. ખામોશીમાં પણ ઇન્શાઅલ્લાહ સવાબ મળશે.

રમઝાનમાં નફિલોનો સવાબ ફર્ઝ બરાબર અને એક ફર્ઝનો સવાબ સીત્તેર ફર્ઝ અદા કરવા બરાબર મળે છે. તો એ પણ યાદ રાખવું જરૂરી છે કે શરઇ કાનુન પ્રમાણે મુબારક દિવસોમાં અને મુબારક ઘડીઓમાં ગુનાહોની સઝા પણ વધુ હોય છે.

ખુદાપાક દરેક મુસલમાનને રમઝાનની કદર કરવાની તોફીક અતા ફરમાવે અને જગત માટે રમઝાનને શાંતિનો સબબ બનાવે. **(આમીન)**

અઝ ઇફાદાત : મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.- રાંદેર

(618) The reality of Roza-e-Ramdhan

Islam presents a model of maturity and cleanliness. It eradicates dirty and corrupt thoughts and criminal mind from the Human.

The main purpose of performing Rozah is to control the evil desires within. It is in the Qur'an that "Rozah has been made obligatory upon you so that you may become 'Muttaqi'." Allah expresses His displeasure with the person who fasts and abstains from eating and drinking but does not abstain from sins as in the hadith "mal lam yada'a qawwalazzure wal amal bihi falayas lillahe hajtun fi anyyada'a ta'amahu wa sharabahu" means, he who fasts and commits lies and sins Allah has no need to give up food and drink if one who fasts does not give up lies and sinful deeds. Allah has no need of those people who give up only eating and drinking, who do not leave their sins by fasting.(Mishkat-pg 176)

It is written in Jame'ah Saghir that there are five things that break the fast. Means, the reward of fast ends. And not keeping fast is fine in terms of reward. Those five things are as follows. (1) Backbiting (2) Gossip (3) Telling lies (4) Lustful vows (5) Taking false oaths.

What a foolish act, it is permissible to eat and drink except in Ramadan, which one leaves out in Rozah But who would be the greater daffy if he continues in Ramadan those works which are haram at every time and moment? Fasting is actually the name of abstinence from crimes and not the name of abstaining from eating and drinking and engaging in criminal activities. Taqwa is the name of avoiding things that are prohibited by Shariah and taking care to avoid them by any means. This is the spirit of and the original purpose of to obligation fasting – to be careful in Ramadan, to save oneself from sins with care, and not to waste time in frivolous talk. Stay away from backbiting, fights, do not waste time in caram, cards (cricket-mobile) etc. Precious time of Ramadan should be spent in recitation, zikr, otherwise keep silent. Even in silence, one will get reward Inshallah.

In Ramadan, the reward of the Nafil is equal to the Farz and the reward of one Farz is equal to performing seventy Farz. So it is also important to remember that according to Shari'a law, the punishment for crimes during Mubarak (holy) days and Mubarak (holy) hours is also higher.

May Almighty Allah grant every Muslim the opportunity to appreciate Ramadan and make Ramadan a cause of peace for the world. (Amen)

Az-Ifadat : Mufti Ismail Wadiwala Sahab Rah. - Rander

(૬૧૯) એઅતેકાફ

રમઝાન શરીફના છેલ્લા દસ (૧૦) દિવસનો એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ અલલ કિફાયહ છે. માટે શહેર અથવા ગામની દરેક મહોલ્લાની મસ્જીદમાં એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ છે.

ઇબ્ને કય્યિમ રહ.ફરમાવે છે કે એઅતેકાફની રૂહ અને હેતુ દિલને અલ્લાહની પાક ઝાત સાથે જોડી આપવું છે. પ્રત્યેક બાજુથી દૂર થઇને એકાગ્રતાથી તેની સાથે જ જોડાઇ દરેક અન્ય પ્રવૃત્તિઓથી વિમુખ થવું છે દરેક ફિકર ચિંતાઓથી મુકત થઇ તેની જગ્યાએ અલ્લાહની પાક મોહબ્બત અને તેનો ઝિક્ર દિલમાં સમાવવાનો છે આ મોહબ્બત અને તઅલ્લુક કબ્રની એકાંતમાં સહાયક થશે કે જે દિવસે અન્ય કોઇ સાથી કે સાનિધ્ય ન હશે.

અગર મોહલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ નહીં કરશે તો બધા સુન્નત છોડવાના ગુનેહગાર થશે અને અગર મહોલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ કરી લેશે તો બધા તરફથી સુન્નત અદા થઇ જશે. (શામી ૬૬૦/૧)

જે મસ્જિદમાં પાંચ વખતની નમાઝ જમાઅત સાથે અદા થતી હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત છે. માટે જે મસ્જિદ વેરાન હોય, નમાઝ થતી ન હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત નથી.**ઓરતોએ પોતાના ઘરની મસ્જીદમાં એઅતેકાફ કરવો જોઇએ.(અગર ઘરમાં કોઇ જગ્યા મસ્જીદ તરીકે નક્કી ન કરી હોય તો ઘરનો કોઇ ખુણો એના માટે નિશ્ચિત કરી લે)**

ઓરતો માટે ઘરમાં એઅતેકાફ કરવું વધુ આસાન છે, ઘરની વ્યકિતઓ પાસે કામ પણ લઇ શકે છે અને એઅતેકાફનો સવાબ પણ હાસિલ કરી શકે છે. છતા પણ ઓરતો આ સુન્નતથી લગભગ મહરૂમ રહે છે માટે કોશીસ કરવી જોઇએ.

(619) Etekaaf/Itikaaf

The Etikaaf of the last ten (10) days of Ramdhan shareef is Sunnat -e- Mu'aqqadah alal-kifayah. This Etikaaf is sunnat-e-Mu'aqqadah, in every mosque of street of the city or village.

Ibn Qayyim rah. Says that the spirit and purpose of Atekaf is to unite the heart with the Almighty Allah. It is to turn away from every side and concentrate on it, to be detached from all other activities, to be freed from every worry and concern, and instead to include the harvest of love and remembrance of Allah in the heart.

If no one from the street does Etikaaf, then all the people will be guilty for leaving the Sunnah.and if anyone from the street performs etikaaf,then the sunnah will be performed from all.(shami 660/1)

The Etikaaf is performed in such a mosque, where the five daily prayers are performed with the congregation. Therefore it is not correct to perform Etikaaf in a mosque which is deserted in which people does not offer prayers. **Women should perform Etikaaf in the Mosque of their house. (If no place in the house is fixed as mosque then any corner can be decide for it.)**

It is easier for women to do Etikaaf at home; they also can take work from the people of the house and also get reward of Etikaaf. However, women are almost deprived from this Sunnah. So we have to try for it.

(૬૨૦) શબે કદર

આપ સલ.નો ઇરશાદ છે કે જે માણસ શબે કદરમાં ઇમાનની સાથે અને સવાબની નિય્યતથી (ઇબાદત માટે) ઉભો થાય તો તેના પાછલા બધાજ ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (બુખારી શરીફ)

ઉભા થવાનો મતલબ એ છે કે નમાઝ પઢે, કુરઆનની તિલાવત કરે અથવા ઝિક્ર-તસ્બીહ વગેરેમાં મશ્ગુલ રહે અને સવાબની ઉમ્મીદ રાખવાનો મતલબ એ છે કે રિયાકારી અને દેખાડવા માટે ઇબાદત ન કરે બલ્કે ઇખ્લાસ અને અલ્લાહની રઝામંદી તથા સવાબ હાસિલ કરવાની નિય્યતથી ઇબાદત કરે.

હદીસ :- હઝરત આઇશા રદી.એ આપ સલ.ને પુછ્યું કે યા રસુલુલ્લાહ સલ.અગર મને શબેકદ્ર નસીબ થઇ જાય તો હું કઇ દુઆ પઢું? તો આપ સલ.એ ફરમાવ્યું કે આ દુઆ પઢો.

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّيْ

''અલ્લાહુમ્મ ઇન્નક અફુવ્વુન તુહિબ્બુલ અફવ ફઅફુ અન્ની'' અય અલ્લાહ બેશક તું માફ કરનાર છે અને માફ કરવાને પસંદ કરે છે, માટે મને પણ મુઆફ ફરમાવી દે. (તિરમિઝી) આ રાતમાં દુઆનું કબુલ થવું ઘણી રિવાયતોમાં આવ્યું છે. (શબે બરાઅતની ફઝીલત, અઝ:મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ.)

(620) Shabb-e-Qadar

The Prophet Muhammad ﷺ said: If a man stands up in a shabb-e-qadar (for worship) with faith and determination of reward all his past sins are forgiven.(Bukhari Sharif)

Standing up means praying, reciting the Qur'an or being busy in Ziqra-Tasbeeh etc. and hoping for reward means not performing Ibadah for hypocrisy and showing off, rather Ibadah with sincerity and the intention of obtaining the pleasure of Allah and receiving the reward.

Hadith:- Hazrat Aisha rd. asked to prophet Muhammad ﷺ O Rasulullah ﷺ. What dua should I recite if I am lucky to get shabe-qadra? So Muhammad ﷺ said that read this dua.

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّيْ

"Allahumma innaka 'afuwwun tuhibbul 'afwa fa' fu'anni" O Allah, surely You are Forgiving and Love to forgive, so forgive me too. (Tirmidhi) Acceptance of dua in this night has come in many traditions. (Shab-e-barat ni fazilat - By: Mufti Ismail Wadiwala Sahab Rah.)

(૬૨૧) શબે કદર

રમઝાનુલ મુબારકની રાતો પૈકી એક રાત શબે કદર કેહેવાય છે જે ઘણી બરકતવંત અને ભલાઈની રાત છે કુર્આનપાકમાં તેને હઝાર મહીનાઓથી પણ અફઝલ બતાવેલ છે ખુબજ ભાગ્યશાળી છે તે વ્યકિત જેને આ રાતની ઇબાદત નસીબ થઇ જાય. હુઝૂરે.પાક (ﷺ) નો ઇરશાદ છે “શબે કદર અલ્લાહતઆલાએ મારી ઉમ્મતને અર્પણ કરી જે અગાઉની ઉમ્મતોને નથી મળી એનુ કારણ કેટલીક હદીસોથી જાણવા મળે છે કે હુઝૂરે.પાક (ﷺ) એ આગલી ઉમ્મતની ઉમરો (આયુષ્ય) ને જોઇ કે જે ઘણી લાંબી હતી અને આપની ઉમ્મતની ઉમરો એમના પ્રમાણમાં ઘણી થોડી છે જો તેઓ નેક આમાલ કરવામાં એમની બરાબરી કરવા ચાહે તો પણ અશ્કય છે આ બાબતથી અલ્લાહના પ્યારા નબી (ﷺ) ને દુખ થયું જેની તલાફી (ભરપાઇ) માટે આ રાત અર્પણ કરવામાં આવી. અગર કોઇ ભાગ્યશળીને જીવનમાં દસ રાતો પણ નસીબ થઇ જાય અને તેમને ઇબાદતમાં પસાર કરે તો તે ૮૩૩ વર્ષ અને ચાર મહીનાથી પણ વધારે સમય સપૂર્ણ ઇબાદતમાં પ્રસાર કર્યો ગણાય.

નબીએ કરીમ (ﷺ) ફરમાવે છે કે શબે કદર રમઝાનના છેલ્લા દશ્કાની એકી રાતોમાં શોધ્યા કરો (મિશ્કાત શ.-બુખારી શ.) ઉપરની હદીસ મુજબ શબે કદર રમઝાનનુલ મુબારકની ૨૧,૨૩,૨૫,૨૭,૨૯ રાત્રીઓમાં શોધવી જોઇએ ભલે મહીનો ગમે તેટલા દિવસનો હોઇ પરંતુ એમાં અશ્રો આજ કહેવાય છે.

નબીએ કરીમ (ﷺ) રમઝાનુલ મુબારકનો છેલ્લો અશ્રો (દશ્કો) એઅતેકાફ ફરમાવ્યા કરતા હતા જે સર્વસમતીથી ૨૧મી રાત્રીથી શરૂ થતો હતો.(જેનો હેતુ શબે કદરની તલાશ હતી)

માટે આ રાત્રીઓમાં સૌથી વધારે શકયતા રહેલી છે જેથી તેની તલાશ માટે ઇદની રાત્રી સુધી જાગતા રહે અને શબે કદરની ફીકરમાં લાગેલો રહે, ૧૦-૧૧ રાતો તેટલી બધી મુશકેલ બાબત નથી જેમાં જાગવું અને ઇબાદતમાં પસાર કરવું તે લોકો માટે મુશ્કેલ હોઇ જેઓ શબે કદરનું સદભાગ્ય ઇચ્છતા હોય અને સવાબની ઉમ્મીદ રાખતા હોઇ. **(ફઝાઇલે આમાલ)**

(621) Shab-e-Qadr

One of the nights of Ramzanul Mubarak is called Shab-e-Qadr, which is a night of many blessings and goodness. In the Qur'an, it is shown to be better than a thousand of months. A person who is lucky enough to pray this night is very lucky. Prophet Muhammad (ﷺ)says "Shab-e-Qadr Allah has bestowed upon my ummah that which the earlier ummahs did not receive, the reason for this is known from some hadiths that Prophet Muhammad (ﷺ)saw the age (life span) of the previous ummah which was very long and the age of his (ﷺ)ummah is very short compared to them, even if they want to match them in good deeds, it is impossible. This matter caused grief to the beloved Prophet of Allah for which this night was offered as compensation. If a lucky person gets even ten nights in his life and spends them in worship, then it is considered that he has spent more than 833 years and four months in complete worship.

Prophet Muhammad (ﷺ)says that Shab-e-Qadr should be searched in single number nights of the last decade of Ramadan (Mishqat Sh.-Bukhari Sh.). According to the above hadith, Shab-e-Qadr should be sought in the 21st, 23rd, 25th, 27th, 29th nights of Ramzanul Mubarak, regardless of the number of days of the month, but this is what is called Asrah.The Prophet (ﷺ) used to perform A'atekaaf in the last Ashrah (tenths) of Ramadan Mubarak which was unanimously started from the 21st night. (The purpose of which was to seek Shab-e-Qadr)

So in these nights there is the greatest possibility so that one stays awake till the night of Eid in search of it and remains engaged in the think about (pursue) Shab-e-Qadr,10-11 nights are not difficult to spend waking up and praying for those who want the good fortune of Shab-e-Qadr and hope for reward.(Fazail-e-Aamal)

(૬૨૨) સદકએ ફિત્ર

ગરીબ મુસલમાનો પાસે ખાવા પીવાનો સામાન પહોંચી જાય અને તેઓ પણ ઇદની નમાઝ શાંતિપુર્વક અદા કરી શકે તેમજ રોઝદારથી રોઝામાં જે કંઇ કુસુર થઇ ગયો હોય તેના કફ્ફારા માટે સદકએ ફિત્ર શરીઅતમાં વાજીબ કરવામાં આવ્યો છે. (અબુદાઉદ, ઇનાયહ)

ઝકાતનો જે નિસાબ છે તેટલા નિસાબના માલીક ઉપર ઇદના દિવસે સુબ્હેસાદિક વખતે સદકએ ફિત્ર વાજીબ થાય છે. સોના,ચાંદી અને વેપાર માટેના માલ સિવાય પોતાની જરૂરતથી વધારે ફરનીચર, ઘર, પહેરવાના કપડાં હોય જેની વરસ કદરમિયાન કોઇ એકાદ વખત જરૂરત પડે છે, હંમેશ જરૂરત પડતી નથી અને સાડાસાત તોલા સોના અથવા સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર હોય તો એ માલ ઉપર સદકએ ફિત્ર તેમજ કુરબાની વાજીબ થાય છે. સદકએ ફિત્ર પોતાના તરફથી અને પોતાની નાબાલિગ ઔલાદ તરફથી અદા કરવું જરૂરી છે. (હિદાયહ)

બેહતર એ છે કે સદકએ ફિત્ર ઇદની નમાઝ માટે ઇદગાહ જતા પહેલા અદા કરવો જોઇએ, અગર કોઇ રમઝાનમાં અદા કરી આપે તો પણ અદા થઇ જાય છે. (દુર્રે મુખતાર ભા-૨)

સદકએ ફિત્રનું વજન :- એક સદકએ ફિત્ર પોણા બે કિલો ઘઉ એટલે લગભગ ૧ કિલો ૭૫૦ ગ્રામ ઘઉ અથવા એટલા ઘઉની કિંમત આપવી.જેઓ તૈયાર લોટ ખાતા હાય તેમણે ૧ કિલો ૭૫૦ ગ્રામ લોટની કિંમત અદા કરવી (૨) વધુ સારી સ્થિતિના લોકો માટે વધારે સારૂ એ છે કે તેઓ સાડા ત્રણ કિલો કાળી અથવા લાલ દ્રાક્ષ અથવા ખજુર કે જવ અથવા તેની કિમત અદા કરે.

(622) Sadqa-e-Fitra

Food and drink items reach to the poor Muslims and they can also offer Eid prayers peacefully and Sadaqah is wajib in Fitra Shari'ah to make up for anything that has been done wrong in Fasting. (Abu Dawood, Inayah) Sadaqe Fitr is wajib on the owner of the nisab of zakat at the time of subhe-sadiq on the day of Eid. Apart from gold, silver and goods for trade, there is furniture, house, clothes in excess of one's own needs, which is needed once or twice during the year, not always needed and if the value of seven and a half tolas of gold or fifty five and a half tolas of silver is equal, Sadaqah fitra Fitr and Qurbani becomes wajib. Sadaqah is required to pay on his own behalf and on behalf of his minor children. (Hidayah)

It is Better that It should be performed before going to Eidgah for Eidul Fitra prayer, even if one performs (gives) during Ramadan, it is performed.(Durre Mukhtar vol-2)

Weight of Sadqe-e-Fitra : 1 kilo and 750 grams (A quarter of two kilos) of wheat or giving the price of that much wheat. Those who eat ready-made wheat flour should pay the price of 1 kg 750 grams of wheat flour (2) It is better for people of better status to pay three and a half kg of black or red grapes (raisin) or dates or barley or its price.

(૬૨૩) ઇદની રાત્રે તહજુદ નો એહતેમામ

હઝ. અબુ હુરૈરાહ ﵁ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (ﷺ) એ ફરમાવ્યું “તેમની ઉમ્મતના રોઝદારોની છેલ્લી રાત્રે બખશીસ થઇ જાય છે” પુછયુકે અલ્લાહના રસુલ ﷺ શું તે લયતુલ કદ્ર છે? રસુલૂલ્લાહ (ﷺ) એ ફરમાવ્યુંકે નહિ,બલ્કે કામ કરનાર ને જયારે પોતાનુ કામ પુરુ કરે છેતો તેને તેજ વખતે પુરેપુરુ મહેનતાણુ આપી દેવામાં આવે છે (મિશ્કાત શ.૧૭૪)

ઇદની રાત એટલેકે ચાંદ રાતને ‘**લયલતુલ જાએજહ**’ અર્થાત: **ઇનઆમની રાત** પણ કહેવામાં આવે છે એટલામાટે ઇદની રાત્રે મરદોએ મગરીબ ઇશાં અને ફઝરની નમાઝ જમાઅત સાથે અદા કરવાની પાબંદી કરવી જોઇએ અને તહજુદ વખતે તહજુદની નમાઝ યથાશકિત ૮,૪,૨ પઢવામાં આવેતો આ ઇનઆમની રાતમાંથી ખુબ મોટો હિસ્સો પ્રાપ્ત થઇ જશે. (અલબલાગ ઉર્દુ-કરાંચી,૨૦૨૧)

Tahajjud at the night of Eid

It is narrated by Abu Hurrairah ﵁ that the Prophet (ﷺ) said, “On the last night of the Ramadan, all of his ummah, they get rewarded by forgiveness.” someone asked to Rasulullah(ﷺ) that is it a “Lailatul Qadr”? Rasulullah (ﷺ) said, “No”.Like worker,when he completes his work, he is paid by the wages the immediately. (Mishkat 174)

The night of Eid i.e. the moon night is also called **“Laylatul Jaiezah” (the night of reward)**. Therefore at the night of Eid, men should be instructed to offer Magrib, Isha and Fajar prayers with the congregation. The large part of this night of reward will be received from the Tahajjud prayer in which people may offered 8,4,2 raka’ah as per their wish. **(From: Albalagh, urdu-karachi-2021)**

(૬૨૪) ઇદની રાતની ફઝીલત અને ઇદના દિવસની સુન્નતો :

હદીસ શ.માં છેઃ જે જાગતો રહ્યો ઇદુલફિત્ર અને ઇદુલ અદહાની રાતે તો એનુ દિલ મુર્દા નહી થાય એ દિવસે જે દિવસે દિલ મુર્દા થઇ જશે-એટલે કે કયામતના દિવસની ગભરાહટથી મહફુઝ રહેશે જે દિવસે કે લોકો કયામતની સખ્તીઓથી પરેશાન (વ્યાકુળ) હશે.

ઇદુલ ફિત્રની સુન્નતો :- (૧) ઇદનો ચાંદ જોઇને તકબીર પઢવાનુ શરૂ કરવું. (૨) **તકબીરઃ-**"અલ્લાહુઅકબર અલ્લાહુઅકબર - લા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુઅકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ" (૩) શરીઅતના હુકમો મુજબ (ઓરત અને મરદે) પોતાને શણગારવું (૪) ગુસલ કરવું (૫) મિસ્વાક કરવું (૬) પોતાની પાસે જે સારામાં સારા કપડાં હોય તે પહેરવાં (૭) ખુશબુ (અત્તર વગેરે) લગાડવું (૮) સવારમાં જલદીથી ઉઠવું (૯) ઇદગાહમાં જલદીથી જવું (૧૦) ઇદગાહ જતી વખતે કોઇ મીઠી ચીજ જેવી કે ખારેક વગેરે ખાવું (૧૧) ઇદગાહ જવા પહેલાં સદકએફિત્ર (ગરીબોને) અદા કરવો (૧૨) ઇદની નમાઝ ઇદગાહમાં જઇને પઢવી, વગર ઉઝરે શહેરની મસ્જીદોમાં પઢવી નહી (૧૩) જે રસ્તેથી જાય તે સિવાય (બની શકે તો) બીજે રસ્તેથી પાછા ફરવું (૧૪) પગે ચાલીને (ઇદગાહ) જવું. - બંને ઇદોનો ખુત્બો,જુમ્આના ખુત્બાની જેમ સાંભળવો વાજિબ છે, એટલે તે વખતે બોલવું, નમાઝ પઢવી એ સૌ હરામ છે. (શામી.)

મસઅલોઃ ઇદની નમાઝ જે ઠેકાણે પઢાય ત્યાં તેજ દિવસે બીજી કોઇ નમાઝ (નફિલ) પઢવી મકરૂહ છે નમાઝ પહેલાં પણ અને પછી પણ. નમાઝ પઢી ઘરે આવ્યા બાદ નમાઝ પઢવી મકરૂહ નથી (પણ સુન્નત છે) અને (ઇદની નમાઝ) પહેલાં (ઘરમાં) પણ (નફિલો પઢવી) મકરૂહ છે. (શામી જી.૧)

મસઅલોઃ ઓરતો અને તે લોકો કે જેઓ કોઇ ઉઝરને લીધે ઇદની નમાઝ નહી પઢે તેઓને ઇદની નમાઝ પહેલાં કોઇ પણ નફિલ પઢવી મકરૂહ છે.(શામી) **[બહેશ્તી ઝેવર/ભાગ-૧૧]**

(૬૨૬) જાનવરો સાથે ભલાઇનું ઇનામ

હઝ.અબુહુરૈરહ ﷺફરમાવે છે કે રસુલુલ્લાહﷺએ ફરમાવ્યું: એક માણસ જઇ રહયો હતો તો રસ્તામાં એને ઘણી તરસ લાગી,એક કૂવો દેખાયો, તેમાં ઉતર્યો અને પાણી પીને બહાર નીકળ્યો તો જોયું કે એક કૂતરો હાંફી રહયો છે અને તરસના કારણે કીચડ ચાટી રહયો છે. એણે વિચાર્યું કે આ કુતરાને પણ તરસના કારણે તકલીફ પહોંચી હશે જે મને પહોંચી છે, આ વિચારીને કૂવામાં ફરી ઉતર્યો અને પોતાના (ચામડાના) મોજામાં પાણી ભર્યું અને મોઢામાં પકડીને ઉપર આવીને કૂતરાને પીવડાવ્યું. અલ્લાહતઆલાએ એમના આ અમલની કદર કરી અને એને બખ્શી દીધો, લોકોએ પુછયું યા રસુલુલ્લાહﷺ શું જાનવરોમાં પણ અમને બદલો છે? આપﷺએ ફરમાવ્યું: દરેક ધબકતું હૃદય ધરાવનાર (જાનદાર) માટે બદલો મળે છે. **(સહીહ બુખારી)**

મિત્રો / દોસ્તોને મળવા જવાની ફઝીલત :

હઝ.અબુહુરૈરહ ﷺ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું: એક માણસ પોતાના ભાઇ (મિત્ર) ને મળવા માટે એક બીજા ગામ ગયો તો અલ્લાહતઆલાએ રસ્તામાં એક ફરિશ્તાને એની મુલાકાત માટે મોકલ્યો,જયારે માણસ એમની પાસેથી પસાર થયો તો ફરિશ્તાએ પુછયું,કયાંનો ઇરાદો છે? એ માણસે કહયું : આ ગામમાં મારો એક ભાઇ છે હું એને મળવા જાંઉ છું. ફરિશ્તાએ પૂછયું : શું એણે તારી ઉપર કોઇ એહસાન કર્યું છે કે જેનો બદલો તું આપવા ચાહે છે? એ માણસે કહયું નહી હું એનાથી ફકત અલ્લાહના માટે મુહબ્બત રાખું છું. ફરિશ્તાએ કહયું હું તારી પાસે અલ્લાહનો પૈગામ (સંદેશો) લઇને આવ્યો છું કે “અલ્લાહ પણ તારાથી એવીજ મુહબ્બત કરે છે કે જેવી રીતે તું આ ગામવાસી માણસથી મુહબ્બત કરે છે. **(સહીહ મુસ્લિમ)**

(૬૨૭) નબીએ કરીમ સલ.ની વસિય્યત

હઝ.અરબાઝ બિન સારયા ﷺ થી રિવાયત છે કે એક દિવસ રસુલે કરીમ ﷺએ અમને નમાઝ પઢાવી,પછી અમને સંબોધીને એવી નસીહત ફરમાવી જેનો અસર પણ થયો અને દિલમાં ઘણી નરમી પેદા થઇ, આંસુ વહેવા લાગ્યા અને દિલો પર ડર છવાઇ ગયો.પછી એક માણસે કહયું યા રસુલુલ્લાહ ﷺ! આ નસીહત તો એવી છે કે કોઇ રૂખ્સત થવાવાળો નસીહત કરે છે,અને કહયું બીજી કોઇ વસિયત ફરમાવો (જે આપના પછી અમને બન્ને દુનિયા અને આખિરતમાં કામ આવે. આપના ચાલ્યા જવા પછી કોણ આવી વાતો બતલાવશે) આપ ﷺ એ ફરમાવ્યુ હું તમને વસિય્યત કરૂ છું અને હુકમ આપુ છું "અલ્લાહતઆલાથી ડરવાનો" (જે બધી નેકીઓ અને બંને દુનિયા આખિરતની કામિયાબીનું મૂળ છે. જે તમારો હાકિમ હોય તેમની વાત સાંભળવી અને એમની વાત માનવી જયાં સુંધી તે શરીઅત પ્રમાણે હુકમ કરે, ભલે તે હાકિમ હબશી ગુલામ પણ હોય, અને આ બાબતની પાબંદી કરવાની એટલા માટે વસિય્યત કરૂ છું કે જે માણસ મારા પછી તમારામાંથી જીવતો રહેશે તે ઘણા મતભેદો (ભેદભાવ) જોશે (નવી નવી વાતો દીનમાં ઉપજાવી કાઢવામાં આવશે અને ફિત્ના ઉભા થશે તે વખતે એકતાની જરૂરત હશે, જેનો પાયો ખુદાનો ખૌફ અને પોતાના મુસ્લિમ હાકિમની ઇતાઅત (તાબેદારી) છે. તકવાને પોતાના માટે જરૂરી ઠેરવી લેવું, મારી સુન્નત અને તરીકાને. અને ખુલફાએ રાશીદીનના તરીકાને એમની તાબેદારી કરવું અને ખુબ મજબુતીથી અમલ કરવું, અને દીનમાં નવી વાતો ઉપજાવવાથી બચતા રહેવું એટલા માટે કે દીનમાં નવી વાત કાઢવી (ફેલાવવી) બિદઅત છે,જે ગુમરાહી છે.**(મુ.અહમદ,અબુદાઉદ,તિરમીઝી, ઇબ્નેમાજાહ, મિશ્કાત, સફા: ૧૨૯)** (અઝ : અલબલાગ 'ઉર્દૂ' માસિક - કરાંચી)

(૬૨૮) ઇશ્રાક - ચાશ્તની નમાઝ

હઝ.અલી ﷺએ ફરમાવ્યું કે સવારના વખતે જયારે સુરજ આસ્માન પર એટલો ઉચોં ચઢી જાય જેટલો અસર ની નમાઝના વખતે થાય છે તે વખતે હુઝુરﷺબે રકાત ઇશ્રાકની નમાઝ પઢતા હતા અને જયારે પશ્ચિમની બાજુ એટલો ઉચો થઇ જાય છે જેટલો ઝોહરની નમાઝ વખતે મગરીબની તરફ થાય છે તો તે વખતે ચાર રકાત ચાશ્તની નમાઝ પઢતા હતા. (શમાઇલે તિરમીઝી)

ઇશ્રાક : એક હદીસ શરીફમાં છે કે રસુલુલ્લાહ ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે જે માણસે ફજરની નમાઝ જમાઅત સાથે પઢી અને પછી સૂરજ નીકળતા સુધી ત્યાં જ બેસી રહયો અને અલ્લાહનો ઝિક્ર કરતો રહયો,પછી બે રકાત ઇશ્રાકની નમાઝ પઢી તો એને એક પુરા હજ્જ અને ઉમરહ નો સવાબ મળશે ત્રણ વખત આ પ્રમાણે ફરમાવ્યું. (હિસ્ને હસીન)

ચાશ્ત : ઘણા આલીમો ફરમાવે છે કે ચાશ્તની નમાઝ મુસ્તહબ છે અને કદી પઢી લેવી જોઇએ અને કદી છોડી દેવામાં આવે - હુઝૂર ﷺ ની આદતે કરીમા ખાસ કરીને એવી હતી (કદી પળ્હતા કદી છોડી દેતા) અકષર સહાબા અને તાબીઇન રદી.નો આવોજ અમલ હતો.ચાશ્તની નમાઝની રકાતો ઓછામાં ઓછી બે રકાત અને વધારામાં વધારે આઠ રકાત ઉલમાએ ફરમાવી છે. અને હુઝૂર ﷺ થી પણ આ પ્રમાણે નકલ કર્યું છે. આ નમાઝમાં સુરએ શમ્શ, સુરતુદ્દુહા, સુરતુલલૈલ અને સુરએ અલમનશ્રહ પઢવામાં આવે અને નમાઝથી ફારિગ થઇ ગયા પછી સો વખત આ દુઆ પઢે. **‘અલ્લાહુમ્મગફિરલી વરહમની વતુબ અલય્ય ઇન્નક અન્તત્તવ્વાબુલ ગફૂર’** (મદારીજુન્નુબુવ્વહ)

(૬૨૯) મુસલમાનને ખવડાવવા - પીવડાવવા અને પહેરાવવાની ફઝીલતઃ

હઝ.અબુ સઇદ ખુદરી ؓ થી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યુંઃ જો કોઇ મો'મીન બીજા કોઇ મો'મીન ને ભૂખના સમયે ખાવું ખવડાવશે અલ્લાહતઆલા એને કયામતના દિવસે જન્નતના મેવા ખવડાવશે અને જે મો'મીન તરસ્યા મો'મીનને તરસના સમયે પાણી પીવડાવશે અલ્લાહતઆલા કયામતના દિવસે મોહર લગાવેલી ખાલિસ (સીલબંધ શુધ્ધ) શરાબ પીવડાવશે અને જે મો'મીન કોઇ નાગા (નગ્ન) મો'મીનને કપડાં પહેરાવશે અલ્લાહતઆલા એને જન્નતનો લાલ લિબાસ પહેરાવશે. **(જામેઅ તિરમીઝી)**

નેકી પ્રાપ્ત કરવાના માધ્યમો... : હઝ.અબુ હુરૈરહ ؓથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યુંઃ તમારૂં પોતાના મુસલમાન ભાઇની સામે હસવું સદકો છે, નેકીનો હુકમ દેવો અને બુરાઇથી રોકવું, કોઇ રસ્તો ભૂલી જનારને રસ્તો બતાવવું, આંધળાની સાથે ચાલવું, રસ્તામાંથી પથ્થર,કાંટો,હાડકું વગેરે (તકલીફ આપનારી વસ્તુ) હટાવી દેવું, તમારી ડોલમાંથી બીજા ભાઇની ડોલમાં પાણી નાંખવું (આ દરેક અમલ) પણ સદકો છે. **(જામેઅ તિરમીઝી)**

શાદીના સંયુકત પ્રસંગોમાં જવું : કોઇપણ મજલિસ કે પ્રસંગમાં મરદો અને ઓરતોનું વગર પરદે ભેગા થવું નાજાઇઝ અને ગુનાહિત કૃત્ય છે. આજ કાલ શાદીઓમાં મર્દ અને ઓરતો ભેગા થાય છે જેમાં સ્ત્રીઓ વગર પર્દે શરીક થાય છે, તો એવી મજલિસોમાં વગર પર્દે શરીક થવું નાજાઇઝ અને ગુનો છે અને જે મજલીસમાં ગુનો થઇ રહયો હોય અને પહેલાંથીજ ખબર પણ હોય તો એવી મજલિસમાં શરીક થવુ જાઇઝ નથી જેથી એવી મજલિસોમાં જવાથી બચવું જોઇએ.

(માખુઝ : અલબલાગ "માસિક" ઉર્દુ - કરાંચી, માર્ચ-૨૦૨૪)

(૬૩૦) કહેવાતું ગ્લોબલ વોર્મીંગ કે કુદરતનો પ્રકોપ..? (૧)

ગર હુવા દુશ્મન ઝમાના હો,મગર અય દિલ હમેં,   દેખના યે હે મિઝાજે યાર તો બરહમ નહીં !

કુર્આનેપાક અને અહાદીસની રોશનીમાં વિના શંકાએ આ વાત કહી શકાય છે કે દુનિયામાં જે ફેરફારો થાય છે પછી તે પૂરની વિનાશકતા હોય,અનાવૃષ્ટિ (વરસાદ ન આવવું) હોય લુંટમાર કે હત્યાઓની ઘટનાઓ હોય, અચાનક મોત કે જાનમાલની બરબાદી હોય, અકસ્માત કે ડુબી જવાની કે પછી ધરતીકંપ અને વાવાઝોડાં હોય દુનિયાની શાંતિ અને સુખાકારીને છિન્નભિન્ન કરનાર હોય. ખરેખર આ ઇન્સાનોના જ બુરા અમલોનું પરિણામ અને ખુદાપાકના ગુસ્સાનું કારણ છે. અલ્લાહપાક ﷻનું ફરમાન છે "ધરતી અને સમુદ્રમાં લોકોના હાથોની બુરી કરણીથી ખરાબી ફેલાઇ પડી છે, જેથી અલ્લાહ તેમની કરણીની કંઇક મજા (સજા) તેમને ચખાડી આપે કે કદાચ તેઓ(ડરીને-ચેતીને)સીધા માર્ગે આવી જાય. (સૂ.રૂમ આ.૪૧)

બીજી જગ્યાએ અલ્લાહતઆલા ફરમાવે છે કે " જે કાંઇ આફત તમને પહોંચે છે તો તે તમારા હાથોના કરતુતોનો જ બદલો છે અને ઘણા ગુનાહોને અલ્લાહતઆલા માફ કરી આપે છે. (સૂ.શૂરા આ.30) - હદીસમાં આપ ﷺએ ફરમાવ્યું કે 'કયામત નહી આવશે અહી સુધી કે ઇલ્મ (આલીમો) ઉઠાવી લેવામાં આવશે અને ભૂકંપ ઘણા થશે.આ હદીસના અનુસંધાન કહેવામાં આવ્યું છે કે ભૂકંપ જેવી અલ્લાહના (અઝાબની) નિશાનીઓ અલ્લાહપાક તરફથી રહેનારાઓ માટે ડરાવવા માટે હોય છે, અને આવા અઝાબો ત્યારે જ ઉતરે છે જયારે ખુલ્લેઆમ ગુનાહો કરવામાં આવે. અલ્લાહ ફરમાવે છે કે'**વમા નુરસિલુ બિલ આયાતી ઇલ્લા તખ્વીફા**' હમો (અઝાબની) નિશનીઓ લોકોને ડરાવવા માટે મોકલીએ છીએ.આપ સલ.થી પૂછવામાં આવ્યું કે શું અમને બરબાદ કરવામાં આવશે જયારે કે અમારામાં નેક લોકો પણ હશે? આપ ﷺએ જવાબ આપ્યો હાં, જયારે બુરાઇઓ વધી જશે.અલબત્ત નેક લોકોને તેમની નિય્યત પ્રમાણે કયામતમાં ઉઠાવવામાં આવશે.હઝ.ઉમર રદી.ના ઝમાનામાં મદીના શરીફમાં ભૂકંપ થયો.તો હઝરત ઉમર રદી.એ કહ્યું કે જલ્દી તમો બદલાઇ ગયા.ખુદાની કસમ! હવે જો ભૂકંપ થશે તો હું તમારી વચ્ચેથી ચાલ્યો જઇશ. હઝ.ઉમર આનાથી ડરી ગયા કે ગુનેહગારો સાથે મને પણ અલ્લાહનો અઝાબ પહોંચી જાય. (બુખારી શ.૧૪૧ ભા.૧ ઉમ્દતુલકારી શર્હે બુખારી ૫૭ ભા.૭)

આપ ﷺનું ફરમાન છે કે અમુક લોકોને ઝમીનમાં ધસાવી દેવાનો અઝાબ થશે.લોકો કહેશે કે આજે રાતના ફલાણું ખાનદાન ઝમીનમાં ધસી ગયું.અમુક લોકોના ઉપર આસ્માન પરથી પથ્થર ફેંકવામાં આવશે. જેમકે હઝરત લૂત અલ.ની કોમ પર પથ્થર વરસાવવામાં આવ્યા હતા. અમુક લોકો ઝડપી વાવાઝોડાથી બરબાદ થઇ જશે.આ બધું શરાબ પીવાથી,ગાવાવાળી ઓરતોને રાખવાથી (જેનું ઉદાહરણ ટીવી-મોબાઇલ પુરુ પાડે છે) વ્યાજ ખાવાથી અને સગા-સંબંધીઓ સાથેનો વ્યવહાર તોડી નાખવાથી થશે. એક હદીસમાં છે કે આપ સલ.એ ફરમાવ્યું કે "ઇન્સાનો અને મકાનો જમીનમાં ધસી જશે,લોકો કૂતરા અને વાંદરાની શકલોમાં ફેરવાઇ જશે આસમાનથી પથ્થરો વરસાવવામાં આવશે. (અપૂર્ણ..) **(અઝ ઇફાદાત : હઝ.મુફતી ઇસમાઇલ વાડીવાલા સા.(રહ.)**

(૬૩૧) કહેવાતું ગ્લોબલ વોર્મીંગ કે કુદરતનો પ્રકોપ..?(૨)

હઝરત ઝૈનબ રદી.એ સવાલ કર્યો કે શું હમો હલાક થઇશું જયારે કે અમારામાં નેક લોકો હશે? આપ સલ.એ ફરમાવ્યું **"નઅમ ઇઝા કસુરલ ખબસૂ"** હા,જયારે બુરાઇઓ વધી જશે. બહુમતી આલીમો એ કહયું છે કે જયારે ગુનાહ અને બેહયાઇના કામો તેમજ દરેક પ્રકારના ગુનાહો થવા લાગશે તો નેક લોકોના હોવા છતાં આમ બરબાદી આવી જશે.(મુસ્લિમ.શ.નવવી ૩૮૮ ભા.૨, બુખારી શ.૧૦૪૬,૧૦૫૬ ભા.૨)

હઝરત મોલાના વસીયુલ્લાહ (રહ.)એ લખ્યું છે કે મુસલમાનો! અગર તમો એમ સમજો છો કે સમય ખુબ નાઝુક છે તો કંઇ કામ કરો. અને તે કામ એ છે કે અલ્લાહ અને રસુલ (સલ.) પર સાચી રીતે ઇમાન લાવો અને પોતાની મનેચ્છાઓને છોડી આપો.

મુફકિકરે ઇસ્લામ હઝ.મૌલાના સૈયદ અબુલ હસન અલી નદવી રહ. એ આવા મોકા પર ફરમાવ્યું છે કે વર્તમાન અસામાન્ય હાલાત અને દુર્ઘટનાઓને માત્ર ઇત્તેફાકી (આકસ્મિક) કહીને એની અહમિયત ઘટાડવામાં ન આવે.આ હાલતો સાફ બતલાવી રહી છે કે અલ્લાહતઆલા મુસલમાનોની વર્તમાન વર્તુણુંક અને રહેણીકરણીથી બિલકુલ રાજી નથી પરંતુ આ અલ્લાહની ખાસ રહમત છે આવા બનાવોથી ચેતવણી આપી જાગૃત કરે છે કે પોતાની હાલત બદલી આપે અને વર્તમાન હાલત પર મુસલમાનોને કાયમ રાખવા ચાહતો નથી (તઅમીરે હયાત જાન્યુઆરી ૧૯૮૧) **નાગહાની આફતો અને બિમારીઓથી બચવા માટે આપ (સલ.) એ આ દુઆ પઢવા માટે ફરમાવ્યું છે.** بِسْمِ اللهِ الَّذِي لَا يَضُرُّ مَعَ اسْمِهِ شَيْءٌ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَاءِ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ

તરજુમો :- અલ્લાહના નામથી કે જેના નામની સાથે કોઇ પણ વસ્તુ જમીન માં હોય કે આસમાન માં હોય નુકસાન નથી પહોચાડી શકતી એજ અલ્લાહ સાંભળવાવાળો અને એજ અલ્લાહ જાણવાવાળો છે. **બિસ્મિલ્લાહીલ લઝી લા યઝુર્રુ મઅ ઇસ્મિહિ શૈઉન ફીલ્અર્દિ વલા ફીસ્સમાઇ વહુવસ્સમીઉલ્અલીમ.** (અબુ દાઉદ-૬૯૪)

આ દુઆ ની ઘણી ફઝીલત આવી છે કે સવાર-સાંજ આ દુઆ ત્રણ ત્રણ વાર પઢવાથી એકસીડન્ટ, ભયાનક આફતો અને બિમારીઓથી મહફુઝ રહેશે.

આવા નઝુક સમયે સૂરએ યાસીન શરીફ પઢવામાં આવે,ખૈર-ખૈરાત કરવામાં આવે અને પોતાના ગુનાહોથી તૌબા કરવામાં આવે,અલ્લાહપાક જરૂર આફતો દૂર ફરમાવશે,ખૈર-ખૈરાત કરવાથી અલ્લાહ તઆલા નો ગુસ્સો ઠંડો થઇ અલ્લાહ તઆલા રાજી થાય છે અલ્લાહપાક હિફાઝત ફરમાવે.આમીન.(૩ જીલ્કઅદહ ૧૪૨૧ હિજરી) **(વર્તમાન પરેશાનીના સમયમાં આ દુઆ પઢવી ખુબ જરૂરી અને ફાયદાકારક છે)** (સંપૂર્ણ) (અઝ ઇફાદાત: હઝ.મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા.(રહ.)

(૬૩૨) મસ્જિદના મુતવલ્લીની ફરજો બાબત

હઝ.મવ.મુફ્તી મહમુદ ગંગોહી રહ.મુતવલ્લી ની ફરજો બાબતે લખે છે કે..

મસ્જિદને આબાદ કરવા, મસ્જિદની તમામ જરૂરિયાતોનો બંદોબસ્ત કરવો,હિસાબ ચોખ્ખા(પારદર્શક) રાખવા, મસ્જિદમાં ગલત કામ ન થવા દેવું, નમાઝીઓ અને ઇમામની યથાશક્તિ મસ્જિદને સલંગ્ન તકલીફો દૂર કરવી, દરેકની તેમના મરતબા મુજબ શરઇ ઇજ્જત કરવી, પોતાને મોટો સમજી બીજાઓને હકીર (નીચા) ન સમજવું, હોદ્દાનો પ્રલોભન (લોભ) ન હોવો, શરીઅત મુજબ પોતાની ઇસ્લાહની કોશીશ કરવી-આવા ગુણો જે મુતવલ્લીમાં હોય તેઓ સન્માનપાત્ર છે, જે મુતવલ્લીમાં આવા ગુણો ન હોય, આવા ગુર્ણો (લાયકાત) પ્રાપ્ત કરવાની કોશીશ કરે. **(ફતાવા મહમૂદીયહ ૧૪/૩૫૨)**

હઝ.મુફ્તી ઇસમાઇલ બિસ્મિલ્લાહ સા.રહ. મુતવલ્લીની શરઇ પાત્રતા કે લાયકાત વિષે લખે છે કે “મુતવલ્લી તે વ્યકિત બની શકે છે કે જે કામ કે સંચાલનનો તે મુતવલ્લી બને તેના વહીવટનો અનુભવ (આવડત) હોય, એટલે કે તે અમાનતદાર (પ્રમાણિક) હોય. અમાનતદારનો અર્થ એ છે કે વકફની આવક (અને મિલ્કત) બરાબર જાળવે.(ફતાવા સંગ્રહ ભા.૪/૩૮૮)

ખોટો કે ગેર કે અપ્રમાણિક વહીવટ ચાલતો હોય, દેખરેખ બરાબર થતી ન હોય કે તેમાં ગફલત થતી હોય અને હિસાબ રીતસર રખાતો કે અપાતો ન હોય, તેમાં ગેરરીતિઓ થતી હોય વગેરે...તો જમાઅતે પૂછપરછ કરવી જોઇએ એમ કરવાનો તેમને હક છે... **(ફતાવા સંગ્રહ, ભા.૪/૩૯૨)**

(સૌજન્ય: ઉમ્મીદ સપ્તાહિક ૧૩ માર્ચ ૨૦૧૫)

(૬૩૩) શરઇ આજ્ઞાપાલન (ઇતાઅત) માટે પાંચ કામો જરૂરી...

એવી ઇતાઅત જેને કરવાથી ઉમ્મીદ છે કે બીજી ઇતાઅતનો સિલસિલો કાઇમ થઇ જાય.

(૧) ઇલ્મે દીન પ્રાપ્ત કરવું : તે કિતાબોથી પ્રાપ્ત કરવામાં આવે અથવા ઉલમાની સોહબતથી. પરંતુ કિતાબોથી પ્રાપ્ત કરવા પછી પણ ઉલમાની સોહબત જરૂરી છે.

તે આલિમો જે ઇલ્મ પર અમલ કરતા હોય અને શરીઅતના પાબંદ હોય, ઇત્તિબાએ સુન્નતના પાબંદ હોય, એકલતા પસંદ હોય. એક બીજામાં જુદાઇ (દુશ્મની)થી બચતા હોય,અલ્લાહની મખ્લૂક પર શફકત કરતા હોય. તઅસ્સુબ પરસ્ત ના હોય.આ વખતમાં પણ અલ્લાહના ફઝલથી આવા આલિમો ઘણા છે અને હંમેશા રહેશે,આપણા નબી (સલ.) નો વાયદો છે. આવા બુઝુર્ગોની ખિદમત કરવાનો મોકો મળે તો ગનીમત અને મોટી નેઅમત છે.

(૨) પાંચ વખતની નમાઝ : પાબંદીના સાથે જમાઅતથી પઢવાની કોશિશ કરે,એનાથી અલ્લાહની બારગાહમાં એક તઅલ્લુક અને નિસ્બત કાઇમ રહેશે જેની બરકતથી ઇન્શાઅલ્લાહ હાલત પણ દુરૂસ્ત રહેશે.

(૩) લોકો સાથે ઓછું બોલવું-ઓછું મળવું : બોલવું હોય તો સમજી વિચારીને બોલવું. હજારો આફતોથી બચવાનો આ એક શ્રેષ્ઠ ઉપાય છે.

(૪) ચિંતન - મનન (મુરાકબા - મુહાસિબા) : ખાસ આ વાતનો ખ્યાલ રાખે કે હું મારા માલિક (અલ્લાહ)ના સામે છું. મારા બધા અમલો પર એની નજર છે એને મુરાકબો કહેવામાં આવે છે અને મુહાસિબો આ છે કે સૂતી વખતે અથવા એકલતામાં બેસીને પૂરા દિવસના અમલો(કાર્યો)ને યાદ કરીને આ ખ્યાલ કરે કે આ વખતે મારો હિસાબ થઇ રહ્યો છે અને જવાબ દેવા માટે હું વિવશ છું.

(૫) તોબા અને અસ્તગફાર : જયારે પણ કોઇ ભુલ થઇ જાય તો વાર ન લગાવે,કોઇ વખત અથવા કોઇ વસ્તુની રાહ ન જુએ, તરત જ એકાંતમાં જઇને સિજદામાં જઇને ગીરગીરાવી આઝીઝી કરે અને રડે, જો રડવું ન આવે તો રડવાની સુરત બનાવે. ઇન્શાઅલ્લાહ આ પાંચ કામોની પાબંદીથી બધી ઇતાઅત (ઇબાદત) ના દરવાજા આસાનીથી ખુલી જશે. **(અઝ : હઝરત હકીમુલ ઉમ્મત મવ.અશરફ અલી થાનવી રહ.)**

(૬૩૪) મસ્જિદના આદાબ અને અહકામ (૧)

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું "અલ્લાહના નઝદીક શેહરોમાં બેહતરીન જગ્યાઓ તેની મસ્જિદો છે, અને બદતરીન (સૌથી ખરાબ) જગ્યાઓ બજારો છે." (મુસ્લિમ શ. ૧૦૭૬, ઈબ્ને હિબાન ૪૭૭/૪) **(૧)** મસ્જિદનો સૌથી પહેલો અદબ એ છે કે તેને ફકત અલ્લાહના ઝિક્ર અને ઉચ્ચ દીની હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે. એક જગ્યાએ રસૂલેપાક ﷺ એ ફરમાવ્યું કે દૂર રાખો અલ્લાહના ઘરોને પોતાના નાના (નાદાન) બાળકોથી, અસ્થિર મગજનાઓથી, પોતાના ખરીદ વેચાણના વ્યવહારોથી, પોતાના ઝઘડાઓથી, પોતાના અવાઝ ઉંચો કરવાથી, પોતાની હદો નક્કી કરવાથી, અને પોતાની તલવારો કાઢવાથી. (ઈબ્ને માજહ હદીસ નં: ૭૪૨) **(૨)** મસ્જીદનો બીજો અદબ એ છે કે મસ્જિદમાં દુઆઓ સાથે દાખલ થવામાં આવે, અને દુઆઓ સાથે બહાર નીકળવામાં આવે. **(3)** હુઝુર ﷺ એ ફરમાવ્યું કે જયારે નમાઝ ઉભી થઇ જાય તો તેમાં દોડીને શામિલ ન થયા કરો! બલ્કે વકાર અને શાંતીથી ચાલીને આવો. નમાઝનો જે હિસ્સો ઇમામ સાથે મલી જાય તેને પઢી લો અને જે રહી જાય તેને પાછળથી પુરો કરી લો. (બુખારી શ. /૮૯૭) **(૪)** મસ્જિદનો ખાસ અદબ સફાઇ અને પાકી રાખવી છે. એક ઓરત ઉમ્મે મહજનનો ઇન્તિકાલ થયો તો ખબર થતાં રસૂલેપાક ﷺ તેમની કબર ઉપર તશ્રીફ લઇ ગયા અને તેમના માટે દુઆ કરી. (બુખારી શ.) અને આપ સલ.એ ફરમાવ્યું "મેં મસ્જીદની સફાઇ કરવાને કારણે આ ઓરતને જન્નતમાં જોઇ છે."

(૬૩૫) મસ્જિદના આદાબ અને અહકામ (૨)

(૫) રસુલે પાક ﷺએ ફરમાવ્યું "જે લોકો સફોમાં સાથે મળીને નમાઝ પઢે છે અલ્લાહતઆલા અને તેના ફરિશ્તાઓ તે લોકો ઉપર રહમતો મોકલે છે." આમ આ પણ મસ્જિદનો એક અદબ છે કે નમાઝમાં સફોને સીધી કરવામાં આવે, અને કંધા સાથે કંધો મેળવી ઉભા રહે. **(૬)** હઝરત વાસીલા ﷺથી રિવાયત છે કે આપ ﷺએ ફરમાવ્યું પોતાની મસ્જીદોને ખરીદ વેચાણથી બચાવો (તરગીબ/૧૯૯-ઇબ્ને માજહ) **(૭)** રસુલ ﷺએ ફરમાવ્યું અંતિમ ઝમાનામાં એવા લોકો પૈદા થશે જેમની વાતચીતોનો અડ્ડો મસ્જીદ હશે. આવા લોકોની અલ્લાહને કોઇ જરૂરત નથી (તરગીબ ૨૦૫/૧) ઇમામ ગઝાલી રહ. એ લખ્યું છે કે મસ્જીદમાં દુનિયાની વાતો કરવી નેકીઓને એવી રીતે ખાય જાય છે જેવી રીતે ચોપગા પ્રાણીઓ ઘાસને ચરી લે (ખાય જાય) છે.(શરહેઅહયા-૩૧/૩) જે વાતો મસ્જીદની બહાર નાજાઇઝ છે તે મસ્જીદમાં સખ્ત હરામ છે. મસ્જીદમાં દુનિયાની વાતો કરવું નેકીઓને એવી રીતે ખાય લે છે જેવી રીતે આગ લાકડીઓને ખાય લે છે.(ફત્હુલકદીર) ખઝાનતુલ ફિકહમાં લખ્યું છે કે જે માણસ મસ્જીદમાં દુનિયાની વાતો કરે છે અલ્લાહતઆલા તેના ચાલીસ દિવસના અમલ ખતમ કરી નાખે છે. **(૮)** હઝ.અનસ ﷺથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું મસ્જીદમાં હસવુ કબરના અંધકારનું કારણ છે. (કંઝુલ ઉમ્માલ – ૬૬૮/૭) **(૯)** એકવાર હઝ.ઉમર ﷺ જયારે મસ્જીદમાં હતા ત્યારે બે વ્યક્તિઓને બોલાવી મંગાવ્યા (જેઓ મસ્જીદમાં જોરથી બોલી રહયા હતા) અને તેમને પૂછ્યું તમે બન્નેવ કયાંના છો? તેઓએ કહ્યું કે તાઇફના, તો હઝ.ઉમરﷺએ ફરમાવ્યું અગર તમો આ શહેરના હોતે તો હું તમને સખત શિક્ષા કરતે.નબી ﷺની મસ્જીદમાં જોરથી અવાજ કરો છો.(બુખારી શ.- ૬૭)

(૬૩૬) મસ્જિદના આદાબ અને અહકામ - (૩)

મસ્જીદમાં જોરથી બોલવું બલકે ઉંચા અવાજે દીની વાતચીત કરવુ પણ મના છે. ધીમે ધીમે અને શાણપણ સાથે એ જોઇને વાત કરે કે કોઇ નમાઝી કે કોઇ ઝિક્ર કરનાર વગેરેને પરેશાની અને ખલેલ ન પહોંચે. પરંતુ દુન્યવી વાતચીતની તો કોઇ હાલતમાં ઈજાઝત નથી.

(૧૦) રસુલે પાક ﷺ થી નકલ છે કે અંતિમ ઝમાનામાં ઉમ્મતના લોકો મસ્જીદમાં દાખલ થશે, અલગ અલગ ગ્રુપ બનાવી બેસી દુન્યવી વાતો કરશે, જેથી તેમની સાથે ન બેસતા અલ્લાહપાકને તેમની કોઇ જરૂર નથી. આપ ﷺ થી આ પણ રિવાયત છે કે જયારે કોઇ માણસ મસ્જીદમાં આવી, વાતોમાં લાગી જાય છે તો ફરિશ્તાઓ તેને કહે છે, એ અલ્લાહના વલી ચુપ થઇ જા, પછી પણ ખામોશ ન થાય તો કહે છે કે એ અલ્લાહના દુશ્મન ખામોશ થઇ જા તે પછી પણ ચુપ ન થાય તો કહે છે કે અલ્લાહની તારા ઉપર લઅનત અને ફિટકાર થાય ખામોશ થઇ જાઓ. (મદખલ- ૨૨૫/૨૨૭) (મોબાઇલ પર વાતચીત કરવી પણ આમાં શામિલ છે.)

(૧૧) મસ્જીદમાં સુવુ : મોઅતકિફ, મુસાફિર સિવાય કોઇને મસ્જિદમાં સૂવાની પણ ફૂકહાએ કિરામે ઈજાઝત આપી નથી, જેમાં પણ મસ્જીદનો એહતેરામ અને સફાઇનો પૂરેપૂરો ખ્યાલ રાખવો જરૂરી છે. હઝ.જાબિર બિન અબ્દુલ્લાહ رضي الله عنه થી રિવાયત છે કે એકવાર હૂઝુર ﷺ મસ્જિદમાં તશરીફ લાવ્યા તો અમો મસ્જિદમાં સૂતેલા હતા તો આપ ﷺ ફરમાવ્યું ઉઠો મસ્જિદમાં ન સુઓ.
(ઇબ્ને અ.રઝાક ૪૨૨, કન્ઝુલ ઉમ્માલ)

મસ્જિદકે ફઝાઇલ વ અહકામ, ઝમઝમ પબલીશર્સ - કરાંચી

(૬૩૭) પોતાની જાત (જાન) નો હક

હુઝૂર ﷺએ એકવાર હઝ. અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهને સબક શીખવાડતા ફરમાવ્યું કે“બેશક તમારા ઉપર અલ્લાહનો હક છે, અને બેશક તમારી ઉપર તમારા જાનનો પણ હક છે,અને તમારા ઉપર તમારા બદનનો પણ હક છે,અને તમારા ઉપર તમારી આંખોનો પણ હક છે,અને તમારા ઉપર તમારી પત્નીનો પણ હક (ઉત્તરદાયિત્વ) છે. માટે દરેક હકદારને તેનો હક (જવાબદારી) અદા કરો. અહીં આપ ﷺએ ખૂબ જ જામેઅ (સર્વગ્રાહી) અને અસરકારક રીતે બધા જ હકો જમા ફરમાવી આપ્યા કે મુસલમાનનું કામ એ છે કે જે સમયે જે હકનો તકાઝો હોય તેને અદા કરવાનો પાબંદ છે. જેમકે જાનનો હક એ છે કે તેને ભૂખ્યો ન રાખો, આત્મહત્યા કરી તેને બરબાદ ન કરો, કોઇ એવા કામમાં ન સપડાવો કે જેનાથી કોઇ બીમારી લાગુ પડી જાય અને તેને ઝલીલ (બેઇજ્જત) ન થવા દો. સમગ્ર દીનનો ખુલાસો મૂળભૂત રીતે એ જ છે કે કયા સમયે શું હક છે તેને ઓળખી તેને પૂર્ણ કરવામાં આવે.

(૬૩૮)બિસ્મિલ્લાહની બરકત

ઇબ્ને ઉમર ﵁ ફરમાવે છે કે બેશક રસુલ ﷺ પાસે જયારે જીબ્રઇલ ﵇ વહી લઇને આવતા હતા તો સૌથી પહેલા બિસ્મિલ્લાહ.. થી આરંભ (શરૂઆત) ફરમાવતા હતા. (દુર્રે મન્સુર ૧/૭) હદીસે પાકમાં આપ ﷺ એ ફરમાવ્યું કે જે મહાન કામ બિસ્મિલ્લાહ વગર શરૂ કરવામાં આવશે તો તે કામ અધુરૂ રહેશે. અધુરૂ રહેવાનો અર્થ આ છે કે ખેરો-બરકતથી વંચિત (મહરૂમ) રહેશે.

એક હદીસ શરીફમાં છે કે ઘરનો દરવાજો બંધ કરો તો અને લાઇટ બંધ કરો તો બિસ્મિલ્લાહ પઢો.ખાવા પહેલાં, પાણી પીવા પહેલાં, સવારીપર સવાર થતી વખતે, અને ઉતરતી વખતે બિસ્મિલ્લાહ પઢવાની તાકીદ હદીસ શરીફમાં ઘણી જ આવી છે. (મઆરિફુલ કુર્આન) રસુલુલ્લાહ ﷺ એ નાની પણ નફાથી ભરપૂર ઘણી દુઆઓ બતાવી છે કે તેના પઢવાથી ન દુનિયાનુ કોઇ કામ બગડે કે ન તો અટકે છે, અને પઢવાવાળા પર ન કોઇ મહેનત પડે છે. માટે બિસ્મિલ્લાહ પઢીને દરેક કામ કરવાની હિદાયત આપીને માણસની જીંદગીનું રૂખ અલ્લાહતઆલા તરફ એવી રીતે ફેરવી દીધુ કે કદમ કદમ પર પોતાની વફાદારીનું વચન આપે છે કે મારૂ દરેક નાનુ-મોટુ કાર્ય અલ્લાહના હુકમ અને તેની મદદ વગર થઇ શકતુ નથી.

(૬૩૯)સવાલ કરવું (ભિક્ષાવૃતિ) મના છે

રસુલેપાક ﷺ એ ઇરશાદ ફરમાવ્યું છે કે ઇન્સાન (લોકોથી) માંગી માંગી ને એ કક્ષાએ પહોંચી જાય છે કે કયામતના દિવસે એવી હાલતમાં ઉઠાવવામાં આવશે કે તેના ચેહરા ઉપર બિલકુલ ગોશ્ત હશે નહી. (બુખારી,મુસ્લિમ શ.)

રસુલેપાક ﷺ એ ઇરશાદ ફરમાવ્યો છે કે તમારામાંથી એક માણસ પોતાની રસ્સી લઇને લાકડાઓનો ભારો પોતાની પીઠ પર ઉઠાવીને લાવે અને વેચે તો એ બેહતર છે તેનાથી કે લોકો પાસે ભીખ માંગે, ભલે તેઓ આપે અથવા ઇન્કાર કરી આપે. (મિશ્કાત શ.)

એથી વિરૂધ્ધ મહેનતની રોઝી બાબત રસુલેપાક ﷺ એ ફરમાવ્યું કે “કદી કોઇ માણસે એ ખાવાથી બેહતર ખાવું નથી ખાધુ જે તેને પોતાના હાથની મહેનતથી ખાધું હોય.” નિશંક અલ્લાહનાનબી દાઉદ અલ. પોતાના હાથોની મહેનતથી ખાતા હતા. (બુખારી શ.)

અહી ઉપરોકત હદીસોમાં રસુલેપાક ﷺ એ લોકો પાસે માંગવાની બુરાઇ અને મહેનતની કમાઇની ફઝીલત બયાન ફરમાવી છે.

(૬૪૦) હજ કોના ઉપર ફર્ઝ છે

જેની પાસે પોતાના બાલ-બચ્ચા તેમજ જે લોકોનો ખર્ચ આપવો જરૂરી છે તેમના ખાવા-પીવા રહેવા માટે ઘર-કપડાંના ખર્ચ ઉપરાંત પોતાના આવવા જવાનો સફરનો ખર્ચ હોય તેના ઉપર હજ ફર્ઝ છે.

ઓરતના હજ અદા કરવા માટે એવા દીનદાર મહરમનું સાથે હોવું જરૂરી છે જેના સાથે હંમેશ માટે નિકાહ કરવું જાઇઝ ન હોય, (ફતહુલ કદીર શામી-૨) અગર મહરમ પોતાના ખર્ચથી ઓરત સાથે હજ માટે જવા તૈયાર ન હોય તો તેનો ખર્ચ પણ ઓરતના સિરે રહેશે, એવી સુરતમાં હજના અદા કરવા માટે પોતાનો અને મહરમનો ખર્ચ પણ હોવું જરૂરી છે, (મુઅલ્લીમુલ હુજ્જાઝ) અગર ઓરત પાસે પોતાનો ખર્ચ તો હોય પરંતુ મહરમને સાથે લઇ જવાનો ખર્ચ ન હોય તો પોતાનો ખર્ચ હોવાને લીધે હજ ફર્ઝ થઇ જશે, પરંતુ મહરમ ન હોવાને લીધે હજ ન કરવા બદલ ગુનેહગાર થશે નહી, અલબત્ત મરણ વખતે પોતાના તરફથી હજ કરાવવાની વસિય્યત કરવી જરૂરી છે.

(અઝ કિતાબ અરકાને ઇસ્લામ: મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)

(૬૪૧) હજ્જ

હજ્જ ઇસ્લામનો એક ઘણો જ જરૂરી રૂકન છે. કુર્આને હકીમમાં છે "અને અલ્લાહને (રાજી કરવા માટે) તે લોકો ઉપર આ ઘરની હજ્જ ફર્ઝ છે જેઓ ત્યાં સુધી પહોંચવાની શકિત રાખતા હોય." (સૂ. આલે ઇમરાન – ૯૭)

હજ્જની અઝાન: હઝ. ઇબ્રાહીમ عليه السلام જયારે ખાનએ કઅબાની તઅમીરથી ફારિગ થયા તો અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે લોકોને બોલાવો, તો હઝ.ઇબ્રાહીમ અલ. અબુ કુબૈસ નામના પહાડ ઉપર ચઢયા અને અવાજ આપ્યો "ખબરદાર થાઓ કે અલ્લાહ તઆલાએ પોતાનું ઘર બનાવવાનો હુકમ આપ્યો અને તે બની ગયું, ખબરદાર થાઓ, ખાનએ કઅબહનો હજ કરો" તો જે લોકો બાપોની પીઠ અને માઓના રહમમાં હતા તેમને અલ્લાહપાકે અવાજ પહોંચાડી આપ્યો, તો જેમણે એક, બે કે એથી વધુ જેટલા વખત જવાબ આપ્યો હશે તે મુજબ હજ કરશે, કુર્આને મજીદમાં છે "અને લોકોમાં હજનું એલાન કરી દો કે જેથી લોકો તમારી પાસે (હજ માટે) ચાલ્યા આવે." (ઇનાયહ શરહે હિદાયહ) એજ રૂહાની ઉત્સાહ (spirit)ના અસરથી લોકો હજારો માઇલ દુરથી ખેંચાઇને ગમે તેટલી તકલીફ વેઠીને પણ ખાનએ કઅબા સુધી પહોંચે છે.

(અઝ કિતાબ : મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)

(૬૪૨) ઝીલહજ્જના પહેલા દાયકાની ફઝીલત :

ઝિલહજના મુબારક મહિનાની ફઝીલતો અને બરકતો બેશુમાર છે. હદીસોમાં એ મહિનાની બુઝુર્ગી ઘણી બયાન કરવામાં આવી છે. ખાસ કરીને એ મહિનાના પહેલા દસ દિવસોમાં અલ્લાહતઆલા તરફથી ઘણી બરકતો અને રહમતો નાઝિલ થાય છે. હઝ.અબુ હુરૈરહ ﵁ થી રિવાયત છે કે આપ ﷺ એ ફરમાવ્યું કે ઇબાદત માટે ઝીલહજ્જના પહેલા દસ દિવસોથી બેહતર કોઇ વખત નથી, એમાં દરેક દિવસનો રોઝો એક વરસના રોઝા બરાબર અને એક રાતની ઇબાદત લયલતુલ કદરમાં ઇબાદત કરવા બરાબર છે. (મિશ્કાત પે-૧૮૮) હઝ. હફસા ﵂બયાન ફરમાવે છે કે આપ ﷺ ઝિલહજ્જની પહેલી તારીખથી નવમી તારીખ સુધીના રોઝા રાખતા હતા.

આપ ﷺ એ ફરમાવ્યું કે અરફહના દિવસે એટલે ઝીલહજ્જની નવમી તારીખનો રોઝો રાખવાથી આવતા એક વરસ અને પાછલા એક વરસના ગુનાહો માફ થઇ જાય છે. (કન્ઝુલ ઉમ્માલ)

અરફહ અને ઇદની વચલી રાતમાં ઇબાદત કરવું બહું જ ફઝીલત અને સવાબનું કામ છે. અરફાતના મેદાન પર અફાહના દિવસે આપણા નબી ﷺ પર ખુદાપાકે પોતાની રઝામંદી અને દીનને કામીલ (complete) કરી દીધાની બશારત આપતી આયત નાઝિલ ફરમાવી હતી.

૬૪૩ થી ૬૪૭ સુધી કુર્બાની ઇદ ના મેસેજ છે...

(૬૪૮) દીની તા'લીમની અહમિયત


جیسے جیسے الحاد اور بے دینی پھیلتی جاتی ہے ویسے
ویسے مدارس دینیہ و مکاتیب قرآنیہ کی اہمیت و ضرورت بڑھتی
جاتی ہے۔ موجودہ دہریت اور سائنس پرستی کا
علاج اس کے سوا نہیں کہ مسلمان بچے دینی علم
سے واقف ہوں نونہالوں کی عملی تربیت اور اس
کے لیے ایسے طریقے اختیار کرنا بہت ضروری ہے
جس سے ایمان و عقائد میں پختگی اور
غلط عقائد و غلط کاریوں سے اجتناب
ہو

જેમ જેમ અધર્મતા અને ઇસ્લામી સિધ્ધાંતોથી દૂર થઇ રહયા છે તેટલા જ પ્રમાણમાં કુર્આની મકાતિબ અને દીની મદ્રસાઓની જરૂરત અને મહત્ત્વ વધી જાય છે. વર્તમાન બેદીની તથા આધુનિકતાના વણગણનો ઉપાય એના સિવાય નથી કે મુસ્લિમો દીની તા'લીમથી વાકિફ રહે. કોમના નવનિહાલ ભૂલકાંઓની અમલી તરબિયત (કેળવણી) કરવી અને તેના માટે એની વ્યવસ્થા કરવી ખૂબ જરૂરી છે કે જેથી ઇમાન(અકાઇદ)ની મજબૂતી તેમજ ખોટી માન્યતાઓ અને ખોટા કૃત્યોથી સપૂર્ણ સુરક્ષિત રહે. **(અઝ : કશ્કોલ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ. - સ્વલિખિત)**

(૬૪૯) મદ્રેસામાં શું શીખવાડવામાં આવે છે?

મદ્રેસાના અભ્યાસક્રમમાં મુખ્ય રૂપે આકાશી ગ્રંથ કુર્આનનો બોધ અને પયગમ્બર સાહબ નું જીવન ચરિત્ર શીખવાડવામાં આવ છે.કુર્આની પવિત્ર જ્ઞાન અનુસાર વિદ્યાર્થીઓને દેશપ્રેમ, માનવતા, શાંતિ, કોમીએકતા, ભાઇચારો, વચનબધ્ધતા,કર્તવ્યનિષ્ઠા, ઇમાનદારી, માનમર્યાદા, આદરભાવ, શિષ્ટાચાર, સમગ્ર માનવજાત સાથે સુમેળ, નાત જાતના ભેદભાવ વગર દુખીઓ, પીડીતો, યતીમો, બેવાઓ, અબળાઓ, ગરીબોની સાચી સેવા જેવા ઉચ્ચતમ સંસ્કારોનું વાવેતર કરીને તેનું સિંચન કરવામાં આવે છે.

આવા માનવીય શિક્ષણ, સંસ્કારને લઇ મદ્રેસામાં તૈયાર થતા વિદ્યાર્થીઓ (મોલવીઓ)માં સદ્ગુણોનો એટલો બધો વિકાસ થાય છે કે ઇમાન અને તવહીદ (એકેશ્વરવાદ)ના અકીદા (માન્યતા)ની સાથે વર્તન સાથે પ્રેમ અને વફાદારી તથા સજજનતાના સોગંદ લઇ શકાય એવું સન્માનીય વ્યકિતત્વ તૈયાર થાય છે.

What is taught in Madrasa ?

Madrasa Syllabus mainly teach the teachings of the holy book Qur'an and the biography of the Prophet.According to the holy knowledge of the Qur'an, students should be taught patriotism - humanity - peace - unity - brotherhood - commitment - dutifulness - honesty - Respect for dignity - etiquette - wholeness - harmony with mankind - without discrimination of caste - suffering - orphans - widows - weak - true service to the poor - like The highest rites are planted and irrigated.

Such an honorable education – ritesis prepared in the madrasas and the students develop virtues so much that an honorable personality is prepared who can take the oath of love and loyalty and gentility to the motherland along with the creed (belief) of faith and tawheed (monotheism).

(૬૪૨) ઝીદગીનો ખુલાસો (summary of life)

મોહતરમ શૈખુલ ઇસ્લામ મુફ્તી મો.તકી ઉસ્માની સાહબ દા.બ.થી પૂછવામાં આવ્યું કે ઝીદગીનો ખુલાસો શુ છે? હઝ.મુફ્તી સાહેબે આ વીસ **(૨૦)** મુદ્દાઓ જણાવ્યા...

(૧) દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર અદા કરતા રહો. **(૨)** પ્રયત્ન કરો કે જીવન પર્યંત કોઇ તમારી શિકાયત કોઇ અન્ય વ્યકિતને ન કરે... અલ્લાહતઆલા સમક્ષ તો બહુ દૂરની વાત છે. **(૩)** ખાનદાનવાળા સાથે કદી મુકાબલો ન કરશો નુકસાન વેઠી લેશો પરંતુ મુકાબલો ન કરશો... પાછળથી પરિણામ આપમેળે મળી જશે. **(૪)** સૌથી શ્રેષ્ઠ દસ્તરખાન પોતાના ઘરનું દસ્તરખાન છે જે કાંઇ પણ નસીબથી મળે તે બાદશાહ ની જેમ (ખુશીથી) ખાઇ લો. **(૫)** પ્રત્યેક આવનાર દિવસમાં પોતાની મેહનત (પ્રયત્નો)માં વધારો કરવો **(૬)** અલ્લાહ સિવાય કોઇનાથી પણ ઉમ્મીદ ન રાખવી **(૭)** માલદારો અને ઘમંડીઓની મજલિસોથી દૂર રહેવું મુનાસિબ છે **(૮)** દરરોજ સવારના સમયે સદકો કરવું અને સાંજના સમયે ઇસ્તિગફાર કરતાં રહેવું **(૯)** પોતાની વાતચીતમાં મીઠાશ પેદા કરવી **(૧૦)** મોટા અવાજે નાના બળક સાથે પણ વાત ન કરવી **(૧૧)** જે જગ્યાએથી તમને રોજી મળી રહી છે તે જગ્યા (શ્રોત)ની દિલથી ઇજજત કરવી, જેટલો અદબ કરશો ઇન્શાઅલ્લાહ રોજીમાં વૃધ્ધિ થશે **(૧૨)** કોશીશ કરો કે ઝીદગીમાં સફળ લોકોની સાથે બેસ્યા કરો, એક ન એક દિવસે જરૂર તમો પણ તે જમાઅતનો હિસ્સો બની જશો. **(૧૩)** દરેક ક્ષેત્રના નિષ્ણાત (skilful)ની ઇજજત કરવી તેમની સાથે અદબ સાથે વિનયપૂર્વક મળવું ભલે ને ગમે તે ક્ષેત્રના હોય **(૧૪)** વાલિદૈન, ઉસ્તાદો અને રિશ્તેદારો સાથે જેટલા પ્રમાણ આદરપૂર્વક વ્યવહાર કરશો તેટલા જ પ્રમાણે તમારી રોજી અને ઝીદગીમાં બરકત થશે **(૧૫)** દરેક કાર્યમાં મધ્યમમાર્ગ ઇખ્તિયાર કરવો **(૧૬)** આમ (સામાન્ય) લાકો સાથે પણ સંબંધ રાખવા, એનાથી પણ ઘણું બધું શીખવાનું મળશે **(૧૭)** એક વ્યકિતની ફરિયાદ બીજા વ્યકિતને ન કરશો આપણા પ્યારા નબી સલ.શિકાયત કરનારને પસંદ ન ફરમાવતા હતા **(૧૮)** દરેક વાતને મક્કમ રીતે રજૂ કરવી જેનાથી ઘણી બધી સમસ્યાઓ હલ થઇ જશે. **(૧૯)** વડીલોની મજલિસમાં ચૂપ (ખામોશ) રહેવું **(૨૦)** કોઇ પણ જગ્યાએ એમ ન કહેવું કે હું આલીમ છું મારી સાથે રીઆયત કરશો. આ નામુનાસિબ કૃત્ય છે, દેવાવાળાઓમાં બની જાઓ.

મુશ્કેલ (તકલીફ) સમયમાં આ દુઆ પાબંદીથી પઢયા કરો, ઇ.અ. ઘણો ફાયદો થશે.

રબ્બના આતિના મિલ્લદુન્ક રહમતવ વહય્યીઅ લના મિન અમરિના રશદા.

(648) IMPORTANCE OF RELIGIOUS TRAINING

جیسے جیسے الحاد اور بے دینی پھیلتی جاتی ہے ویسے
ویسے مدارس دینیہ و مکاتیب قرآنیہ کی اہمیت و ضرورت بڑھتی
جاتی ہے۔ موجودہ دہریت اور سائنس پرستی کا
علاج اس کے سوا نہیں کہ مسلمان پہلے دینی علم
سے واقف ہوں نونہالوں کی عملی تربیت اور اس
کیلئے ایسے طریقے اختیار کرنا بہت ضروری ہے
جس سے اعتقاد و عمل میں پختگی اور
غلط عقائد و غلط کاریوں سے اجتناب
ہو۔

As irreligion and departure from Islamic doctrines, the need and importance of Quranic school and religious Madrasa increases. The solution to the current irreligioness and disregard of modernity is not except that Muslims should be aware of religious training. It is very important to investigate and correct the new mistakes of the community so that the faith is strong and the person is protected from wrong beliefs and wrong actions.

(From the Kashkol : Mufti Ismail Wadiwala Rah.. (Self written)

(૬૫૦) પૂર્વજ વડીલોની ચિંતાત્મક બોધ વાણી

હઝ.મૌલાના અશરફઅલી થાનવી રહ.એ ફરમાવ્યું કે શોહરત (ખ્યાતી) ના બે પ્રકાર છે. એક તો એ કે સ્વેચ્છાએ અને સ્વપ્રયત્ને પ્રાપ્ત કરવામાં આવે, તે નુકસાનકારક છે. બીજો પ્રકાર એ કે વિનાપ્રયત્ને અને કોઇ પણ જાતની ઇચ્છા વગર પ્રાપ્ત થાય એ એક નેઅમત છે, બલ્કે આ ઇચ્છા વગરની પ્રાપ્ત થતી ખ્યાતીમાં ખાસ હિકમતો હોય છે એટલા માટે આ શોહરત, ગુમનામી (અનામિત્ત્વ-anonymity) કરતાં પણ વધારે સારી છે અને આમ તોર પર અલ્લાહના નેક બંદાઓ ગુપ્તાવાસ (ગુમનામી)માં રહેવા માંગે છે અને પોતાની જાતને મીટાવવા અને ફના કરતા રહે છે જેનું પરિણામ એ હોઇ છે કે તેઓ વધારે મશ્હુર અને ખિયાતનામ થતા રહે છે. એથી વિપરીત પોતેજ ખ્યાતનામ થવાની ઇચ્છા અને ઘેલછાં રાખનાર વ્યકિત પર લોકો તરફથી ઇર્ષ્યા, મહેણાં ટોણા અને ગુસ્સો વ્યાપેલો રહે છે જાણે કે એવી હાલત હોય છે કે મુશ્કના પાત્રમાંથી પાણી ટપકે છે.

ગુમનામી ઘણી આફિયતવાળી બાબત છે તેથી જયાં સુધી બની શકે માણસ શોહરત અને ખ્યાતીથી બચવાના પ્રયત્નો કરતો રહે, છતાં પણ જો શોહરત પ્રાપ્ત થાય તો થવાદો (પરંતુ શોહરત,ઇજ્જત અને માન પાનની ઇચ્છા માનવીની સૌથી મોટી અંદરની (નફસાની) બીમારી છે.)

દરેક તે વ્યકિત જે કોઇ પણ કિંમતે શોહરત અને ઇજ્જતની ઇચ્છા ધરાવનાર હોય છે અને તેના માટે પ્રયત્ન શીલ પણ... પરંતુ આવી ઇજ્જત અને શોહરતના કારણે આખિરતમાં આવનાર ખતરાઓ ઉપરાંત દુનિયામાં પણ આ ભય અને ખતરો ઓછો નથી કે તેના કારણે વ્યકિત,લોકોની ઇર્ષ્યા, નફરત અને ગુસ્સાનો ભોગ બનવા લાગે છે.

(650) The Anxious advice of the Ancestral Elders

Hazrat Maulana Ashraf Ali Thanvi (Rh.) said that there are two types of fame. One that is acquired voluntarily and with self-effort, is harmful. Another type is that which is obtained without effort and without any desire, rather the fame obtained without any desire has special wisdom, so this fame is better than anonymity and thus on the way of Allah. Good people want to live in obscurity and destroy themselves with the result that they become more popular and notorious. On the contrary, a person who has the desire and craze for fame himself is subject to jealousy, taunts and anger from people like water dripping from a musket.

Anonymity is a very pleasant thing, so as far as possible, a person tries to avoid fame and Familiarity, even if he gets fame, let it happen (but the desire for fame, honor and respect is the greatest inner (soul) disease of man.)

Every person who wants fame and popularity at any cost and even strives for it... But apart from the dangers that will come in the hereafter (Aakhirat), due to such fame and Familiarity, there is no less fear and danger in this world also,because of it, envy, hatred of the people and starts getting angry.